dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 249 | AD - 2026, Jeth Vad -(0) | Monday, Dt. 15-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**ભારત-ફ્રાન્સ વચ્ચે ટેકનોલોજી, ઇનોવેશન અને વૈશ્વિક નેતૃત્વ ભાગીદાર નવો યુગ**

# ભારત સમગ્ર વિશ્વના ભલા અને સુરક્ષિત ભવિષ્ય માટે કાર્યરત : વડાપ્રધાન

પેરિસ,તા.૧૪

ભારત નવી ટેકનોલોજી અને વિચારો પર ખૂબ જ ઝડપથી અને મોટા પાયે કામ કરી રહ્યું છે. ફ્રાન્સના નાઈસ શહેરમાં આયોજિત 'ભારત ઈનોવેટ્સ' ઈવેન્ટના સંયુક્ત ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વિધાન કર્યું હતું. આ કાર્યક્રમમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પણ ઉપસ્થિત રહ્યા હતા. પીએમ મોદીએ જણાવ્યું કે ભારતનું આ કાર્ય ફક્ત પોતાના માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના ભલા અને સુરક્ષિત ભવિષ્ય માટે છે. 'ભારત ઈનોવેટ્સ' કાર્યક્રમમાં સંબોધન કરતા વડાપ્રધાને જણાવ્યું કે, 'ભારત અને ફ્રાન્સ વચ્ચે એક ખાસ ભાગીદારી છે, જે જોડાણ, વિશ્વાસ, નવીનતા, પ્રેરણા અને એક સહિયારા દ્રષ્ટિકોણ પર આધારિત છે. તેમણે વૈશ્વિક સમુદાયને ભારત સાથે સહયોગ કરવા અને તકનીકી ઉકેલો વિકસાવવા આહ્વાન કર્યું હતું. ભારતમાં ચાલી રહેલી 'રિફોર્મ એક્સપ્રેસ' અટકશે નહીં તેમ જણાવતા તેમણે ઉમેર્યું કે છેલ્લા ૧૨ વર્ષોમાં ભારતે એક મજબૂત નવીનતા પ્રણાલી બનાવી છે, જેના કારણે આજે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવે છે. નવીનતા ભારતના ડીએનએમાં છે અને ભારત ટકાઉ ભવિષ્ય માટે ગતિ અને સ્કેલ સાથે ઈનોવેશન કરી રહ્યું છે.



વડાપ્રધાન મોદીએ ૨૧મી સદીના ભારતને પરિવર્તનના એક મોટા તબક્કામાંથી પસાર થતું ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે 'ભારત ઈનોવેટ્સ' એ ભારતીય યુવાનોના વિશ્વ-સ્તરીય ઉકેલોને વૈશ્વિક મંચ પર લાવવાનું એક માધ્યમ છે. આ પ્લેટફોર્મ ભારતીય પ્રતિભા અને યુરોપિયન મૂડી તેમજ કુશળતા વચ્ચે સેતુ સમાન સાબિત થશે. બંને દેશો આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સંવાદ અને સુરક્ષા જેવા ક્ષેત્રોમાં સાથે મળીને વૈશ્વિક પડકારોના ઉકેલો શોધી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૬ને 'ભારત-ફ્રાન્સ ઈનોવેશન વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને વૈશ્વિક નવીનતામાં ભારતના પ્રદાનની પ્રશંસા કરી હતી. તેમણે અવકાશ ક્ષેત્રે ભારતના ચંદ્રયાન-૩ મિશનની સફળતાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર રેકોર્ડ સમયમાં સફળ ઉતરાણ એ ભારતની શક્તિ અને નવીનતા ક્ષમતાનું ઉત્તમ ઉદાહરણ છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે આબોહવા, ઉર્જા અને પરમાણુ ઊર્જા (નાના મોડ્યુલર રિએક્ટર) જેવા પ્રોજેક્ટ્સમાં બંને દેશો સંયુક્ત રીતે કામ કરી રહ્યા છે. મેક્રોને પીએમ મોદીને સ્વતંત્રતા પછી ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડાપ્રધાન બનવા બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે આ સંબંધોને એક ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી ગણાવી હતી. તેમણે યાદ કરાવ્યું કે ફેબ્રુઆરી ૨૦૨૫માં વડાપ્રધાન મોદીએ પેરિસમાં 'AI એક્શન સમિટ'ની સહ-અધ્યક્ષતા કરી હતી અને ફેબ્રુઆરી ૨૦૨૬માં રાષ્ટ્રપતિ મેક્રોને ભારતમાં 'AI ઈમ્પેક્ટ સમિટ'માં હાજરી આપી હતી. હવે બંને નેતાઓ નાઈસમાં ભેગા મળીને એક સમાવિષ્ટ અને નવીનતા-સંચાલિત વિશ્વના સહિયારા દ્રષ્ટિકોણને આગળ વધારી રહ્યા છે.

# ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા : નિર્મલા સીતારમણ

બેંગ્લુરૂ,તા.૧૪

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બેંગલુરુમાં આયોજિત 'વિકસિત ભારત સંકલ્પ સમાવેશ'કાર્યક્રમમાં વિરોધ પક્ષ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે યોજાયેલા આ કાર્યક્રમમાં તેમણે આરોપ લગાવ્યો કે, વિપક્ષી નેતાઓ સરકારનો વિરોધ કરવાની લ્હાયમાં દેશ અને દેશના લોકોની મહત્ત્વપૂર્ણ સિધ્ધિઓને ઓછી આંકી રહ્યા છે.

નાણામંત્રીએ સ્પષ્ટ કર્યું કે, કોવિડ-૧૯ રોગચાળો અને પશ્ચિમ એશિયાના યુધ્ધ જેવા મોટા વૈશ્વિક સંકટો વચ્ચે પણ ભારતે સફળતાપૂર્વક પ્રગતિ કરી છે. તેમણે ઉમેર્યું કે વિપક્ષ ભલે ગમે તેવા દાવા કરતો હોય, પરંતુ દેશમાં કોઈ આર્થિક કે અન્ય મોટી આફત આવવાની નથી. જીડીપી (GDP) ના આંકડા અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) પણ એ વાતને મજબૂત સમર્થન આપે છે કે ભારત વર્ષ-દર-વર્ષે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહ્યું છે. પશ્ચિમ એશિયાઈ કટોકટીનું ઉદાહરણ આપતાં તેમણે સમજાવ્યું કે આવા મુશ્કેલ અને પડકારજનક સમયમાં પણ વડાપ્રધાને દેશમાં બળતણ અને તેલનો પુરવઠો ખોરવાવા દીધો નથી. સરકારે આ પડકારને સફળતાપૂર્વક પાર પાડ્યો છે અને ભારત સતત મજબૂતાઈથી આગળ વધી રહ્યું છે.

# અમેરિકાના કડક સંદેશ છતાં વડાપ્રધાનના મૌન સામે રાહુલ ગાંધીના આકરા પ્રહારો

નવી દિલ્હી,તા.૧૪

કોંગ્રેસ નેતા અને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ઓમાનના દરિયાકાંઠે યુએસ લશ્કરી કાર્યવાહીમાં ભારતીય ખલાસીઓના મૃત્યુ અને હોર્મુઝ સ્ટ્રેટ (હોર્મુઝની સામુદ્રધુની) અંગે અમેરિકાના તાજેતરના નિવેદનો મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે ભારતને અમેરિકા તરફથી મળેલા કડક સંદેશ છતાં વડાપ્રધાન મૌન સેવી રહ્યા છે, જે કોઈ પણ સાર્વભૌમ દેશ માટે સ્વીકાર્ય નથી.



રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું કે, અમેરિકી હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓના મોતના દિવસો પછી પણ કોઈ અફસોસ કે માફી વ્યક્ત કરવામાં આવી નથી. તેનાથી વિપરીત, અમેરિકા ભારતને આદેશ આપી રહ્યું છે અને વડાપ્રધાન ચૂપચાપ તે સાંભળી રહ્યા છે. તેમણે ઓમાનના દુક્મ બંદર પર ડોક કરાયેલા જહાજ પર મૃત્યુ પામેલા ભારતીય નાગરિક નિશાંત ઉર્થનાથનનો મુદ્દો ઉઠાવી, તેમના પાર્થિવ દેહને વહેલી તકે ભારત લાવવા વિનંતી કરી છે. બીજી તરફ, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર વચ્ચેની વાતચીત બાદ આ વિવાદ વધુ વકર્યો છે. ભારતે આ ઘટના અંગે સખત વિરોધ નોંધાવ્યો છે અને નવી દિલ્હીમાં યુએસ કાર્યકારી રાજદૂત જેસન મીક્સને સમન્સ પાઠવીને સ્પષ્ટ કર્યું છે કે વાણિજ્યિક જહાજો પર આવા ઘાતક હુમલા અસ્વીકાર્ય છે. આ ઘટનાને પગલે બંને દેશો વચ્ચે રાજદ્વારી તણાવ અને સ્થાનિક રાજકારણ ગરમાયું છે.





# આસામ-બાંગ્લાદેશ સરહદ પર જ વાડ લગાવવાની માંગ ઐતિહાસિક ભૂલ: હિમંતા

ગુવાહાટી,તા.૧૪

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ જણાવ્યું છે કે આસામ કરાર વખતે માત્ર આસામ-બાંગ્લાદેશ સરહદ પર વાડ લગાવવાની માંગ કરવી એક ઐતિહાસિક ભૂલ હતી. બાંગ્લાદેશ સાથે જોડાયેલી તમામ પાંચેય રાજ્યોની ૧,૯૦૦ કિલોમીટરની સરહદ પર વાડ લગાવવાની જરૂર હતી, કારણ કે એક રાજ્યની સરહદ બંધ હોય અને બીજાની ખુલ્લી રહે તો ઘૂસણખોરી રોકી શકાતી નથી.



તેમણે ઉમેર્યું કે હવે મેઘાલય, ત્રિપુરા, મિઝોરમ અને પશ્ચિમ બંગાળમાં સરહદ સુરક્ષાની કામગીરી ઝડપી બની છે અને સરહદી વિસ્તારોના પરિવારોની નાગરિકતા ચકાસવા કેન્દ્રને સૂચન કરાયું છે.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૧૫-૦૬-૨૦૨૬

**અમરેલીમાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ યોજાઈ**

# અમરેલીમાં વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાયું

અમરેલી,તા.૧૪

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે અમરેલીમાં વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાયું હતું. જેમાં એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષ સ્થાને અને ઉર્જા તેમજ કાયદો રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલી આ પ્રેસ કોન્ફરન્સમાં 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.પ્રભારી મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષની સિધ્ધિઓ માત્ર વિકાસના આંકડા નથી, પરંતુ કરોડો દેશવાસીઓના જીવનમાં આવેલા





સકારાત્મક પરિવર્તનનું પ્રતિબિંબ છે. "સબકા સાથ, સબકા વિકાસ"ના મંત્ર સાથે કેન્દ્ર સરકારની ઉજ્જવલા યોજના, આયુષ્માન ભારત અને પી. એમ. સ્વનિધિ જેવી લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચ્યો છે.તેમણે ઉમેર્યું કે ગુજરાતને ગિફ્ટ સિટી, ધોલેરા એસ.આઈ. આર., મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન, ખાવડા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક અને સેમિકન્ડક્ટર હબ જેવા અનેક ઐતિહાસિક પ્રોજેક્ટ્સ મળ્યા છે. અમરેલી જિલ્લાના વિકાસનો ઉલ્લેખ કરતા તેમણે રેલવે બ્રોડગેજ સુવિધા, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને ઐતિહાસિક રાજમહેલના રિનોવેશન જેવા પ્રકલ્પોની વિગતો આપી હતી.આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા અને જનકભાઈ તળાવીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, પૂર્વ કૃષિ મંત્રીઆર.સી.ફળદુ,અતુલભાઈ કાનાણી સહીત જિલ્લાના જનપ્રતિનિધિઓ તથા પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# વિધાનસભા ચૂંટણીને લઈ જાફરાબાદમાં કોંગ્રેસની બેઠક

જાફરાબાદ,તા.૧૪

આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાતે જાફરાબાદ વિધાનસભા વિસ્તારના પક્ષના આગેવાનો અને કાર્યકરોની મુલાકાત લીધી હતી. આ બેઠકમાં સંગઠનને વધુ મજબૂત કરવા અને કોંગ્રેસની વિચારધારાને જનજન સુધી પહોંચાડવા અંગે માર્ગદર્શન



આપવામાં આવ્યું હતું.બેઠક દરમિયાન કાર્યકરોએ યુવાનોની બેરોજગારી, સરકારી ભરતીમાં વિલંબ, એસ.ટી. કંડક્ટર ઉમેદવારોની સમસ્યાઓ, નીટ **(NEET)** સહિતની પરીક્ષાઓમાં પેપર લીક અને સ્થાનિક રોજગારીના મુદ્દાઓ ઉઠાવ્યા હતા. આ ઉપરાંત, ખેડૂતોને ખાતર-બિયારણની તકલીફો, પાકના પોષણક્ષમ ભાવ, મોંઘવારી અને પેટ્રોલ-ડીઝલ-ગેસના વધતા ભાવો અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. દુધાતે કાર્યકરોને ગામે-ગામ અને ઘરે-ઘરે પહોંચવા અપીલ કરી હતી. આ પ્રસંગે દાનુભાઈ ખુમાણ, દકુભાઈ બુટાણી, ટીકુભાઈ વરૂ સહિત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને જનહિતના પ્રશ્નો માટે અસરકારક લડત ચલાવવાનો સંકલ્પ કર્યો હતો.

# અમદાવાદ-વેરાવળ વંદેભારત ટ્રેનને વડિયામાં સ્ટોપ આપવા સ્થાનિકોની માગણી

વડિયા,તા.૧૪

અમરેલી જિલ્લામાંથી પસાર થતા જેતલસર-ઢસા બ્રોડગેજ ટ્રેક પર નવી ટ્રેનો શરૂ કરવા લાંબા સમયથી વચનો અપાયા હતા. તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા રેલવે વિભાગના એક સાચા પત્ર અનુસાર, સાબરમતી-વેરાવળ વંદે ભારત ટ્રેન હવે ધોળકા, બોટાદ, ઢસા અને જૂનાગઢ થઈને દોડશે. આ નિર્ણયથી વિસ્તારને નવી ટ્રેન તો મળી, પરંતુ પત્ર મુજબ અમરેલી જિલ્લાના એકપણ સ્ટેશન પર આ ટ્રેનનો સ્ટોપ આપવામાં આવ્યો નથી, જેથી સ્થાનિક લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.આ રૂટ પર લાઠી, ચિતલ અને કુંકાવાવ જેવા મોટા



સ્ટેશનો આવેલા છે. ખાસ કરીને વડિયા એક મહત્વનું તાલુકા મથક છે અને તે કુંકાવાવ, ભેસાણ, જેતપુર તથા ગોંડલના લોકો માટે મધ્ય સેન્ટરમાં પડે છે. જો વડિયા સ્ટેશન પર વંદે ભારત ટ્રેનનો સ્ટોપ મંજૂર કરવામાં આવે, તો આ સમગ્ર વિસ્તારના લોકોને અમદાવાદ અને સોમનાથ જવા-આવવા માટે લાંબા અંતરની ઝડપી રેલવે સેવાનો મોટો લાભ મળી શકે તેમ છે.

# બગસરા માણેકવાડા રોડ ઉપર ફોર વ્હીલની ટક્કરથી ખેડૂતનું મૃત્યુ

**મરણના પ્રસંગમાંથી પરત ફરતા હતા**

બગસરા, તા.૧૪

બગસરા-માણેકવાડા રોડ ઉપર ફોર વ્હીલની ટક્કરથી મરણના પ્રસંગમાંથી પરત ફરતા એક ખેડૂતનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. આ અંગે વિસાવદરના હાજાણી પીપળીયા ગામના ભોજુભાઈ ભીખુભાઈ વાળાએ ફોર વ્હીલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, મૃતક જેતુભાઈ ભીખુભાઈ વાળા (ઉ.વ. ૪૫, ધંધોઃ ખેતી, રહે. હાજાણી પીપળીયા, તા. વિસાવદર, જી. જૂનાગઢ) પોતાના મોટરસાયકલ પર ધારીના માણાવાવ ખાતે મરણના પ્રસંગમાંથી ઘરે પાછા ફરી રહ્યા હતા. તે દરમિયાન બગસરાથી માણેકવાડા રોડ ઉપર નવી હળિયાદના રસ્તા પાસે પહોંચતા જ, પાછળથી આવેલી એક ફોર વ્હીલના ચાલકે તેમને ટક્કર મારી હતી. અકસ્માતને કારણે તેમને માથાના તેમજ ડાબા પડખાના ભાગે ગંભીર ઈજાઓ અને શરીરે નાની-મોટી ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આલકુભાઈ નજુભાઈ વાળા આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજકોટમાં ૨૮ જૂને સમસ્ત તળપદા કોળી સમાજનો ૫ મો ભવ્ય વેવિશાળ પરિચય સમારંભ યોજાશે

રાજકોટ,તા.૧૪

રાજકોટ ખાતે મહિલા તળપદા કોળી સેવા સમાજ દ્વારા ૫ મો વેવિશાળ મેળામી એટલે કે ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા સમસ્ત તળપદા કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવક / યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૮-૬-૨૦૨૬ ના રોજ આયોજન કરવામાં આવેલ છે. ફોર્મ તેમજ વધુ માહિતી માટે પ્રમુખ આરતીબેન આર. ગોહીલ, શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર 'હરીરામ' હોલસેલ માર્કેટ, દુ. નં. **B/F**- ૧૩, પહેલો માળ, અમરેલી (મો. ૯૪૦૯૩ ૧૩૬૪૪, (મો. ૯૩૭૪૭ ૩૪૮૨૦) તેમજ પરશોતમભાઈ એન. મકવાણા (મો. ૯૪૨૮૭૯૮૬૪૭) નો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

# રાજુલાના કુંડલીયાળા ગામે શિક્ષક દંપતીનો વિદાય સમારંભ યોજાયો

રાજુલા,તા.૧૪

રાજુલાના કુંડલીયાળા ગામમાં ૨૭ વર્ષ સુધી અવિરત શિક્ષણસેવા આપનાર શિક્ષક દંપતીને ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા યાદગાર વિદાય અપાઈ હતી. વતનમાં બદલી થતાં વિદાય લઈ રહેલા આ પ્રિય શિક્ષકો માટે યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરી હતી. વિદાયની આ ક્ષણોમાં અનેક



તસવીર : ગોપાલ રાઠોડ

વિદ્યાર્થીઓ ભાવુક બન્યા હતા. ગામના આગેવાનોએ તેમની નિષ્ઠાપૂર્વકની સેવાઓને બિરદાવી હતી. ઢોલ-શરણાઈના સૂર સાથે યોજાયેલા સન્માનથી ગામમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો અને સૌએ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલી જિલ્લા બ્રહ્મસમાજના સંગઠનમાં બાબરાના ચાર આગેવાનોને મહત્વપૂર્ણ સ્થાન મળ્યું

અમરેલી,તા.૧૪

અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ તથા અમરેલી જિલ્લા સમસ્ત યુવા બ્રહ્મસમાજ દ્વારા સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવવા માટે નવી વરણી જાહેર કરવામાં આવી છે. આ વરણીમાં બાબરા શહેરના ચાર પ્રતિષ્ઠિત આગેવાનોને મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવતા સમગ્ર બ્રહ્મસમાજમાં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી છે.નવી રચનામાં જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના ઉપપ્રમુખ તરીકે હસુભાઈ જોષી, મંત્રી તરીકે અતુલભાઈ ત્રિવેદી તેમજ વરિષ્ઠ માર્ગદર્શક તરીકે નરૂદાદા ત્રિવેદીની વરણી કરવામાં આવી છે. ઉપરાંત અમરેલી જિલ્લા સમસ્ત યુવા બ્રહ્મસમાજના મંત્રી તરીકે બાબરા નગરપાલિકાના ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલની પસંદગી કરવામાં આવી છે.આ પ્રસંગે તમામ હોદ્દેદારોને અભિનંદન પાઠવીને નવી જવાબદારીઓના સફળ નિર્વહન માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી.સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે સંગઠનની એકતા, સમાજના સર્વાંગી વિકાસ અને નવી પેઢીને સંસ્કાર, શિક્ષણ તથા સમાજસેવા સાથે જોડવાના કાર્યોમાં આ નવી ટીમ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# જાફરાબાદમાં પુરુષોત્તમ માસની ઉજવણી

જાફરાબાદ,તા.૧૪

જાફરાબાદના ત્રિકોણ બાગ નજીક આવેલી શિક્ષક સોસાયટીમાં જય અંબે મહિલા મંડળ દ્વારા પુરુષોત્તમ માસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ ધાર્મિક મહોત્સવ અંતર્ગત મંડળની બહેનોએ ભગવાન પુરુષોત્તમને પંચાવન નહિ પણ છપ્પન ભોગનો ભવ્ય અન્નકૂટ મનોરથ ધર્યો



હતો. સોસાયટીની મહિલાઓ પોતાના ઘરેથી પ્રેમપૂર્વક વિવિધ વાનગીઓ બનાવીને લાવી હતી, જે ગોરમા અને પુરુષોત્તમ ભગવાનને અર્પણ કરવામાં આવી હતી.

આ પવિત્ર પ્રસંગે મહિલાઓએ ભગવાનની મહાઆરતી ઉતારી હતી અને રાસ-ગરબાની રમઝટ બોલાવી વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.

દર ત્રણ વર્ષે આવતા અધિક માસમાં આ મંડળ દ્વારા આવા સુંદર ધાર્મિક કાર્યોનું આયોજન થાય છે.

પુરુષોત્તમ માસની પૂર્ણાહુતિના આરે મહિલાઓએ હર્ષોલ્લાસ સાથે પ્રભુ આરાધના કરી ધન્યતા અનુભવી હતી.









# સાવરકુંડલામાં ખનીજ માફિયાઓનાં હુમલામાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર સહિત ૩ કર્મચારી ઘાયલ

સાવરકુંડલા, તા. ૧૪



અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં ખનીજ ચોરી અટકાવવા ગયેલી ખાણ ખનીજ વિભાગની ટીમ પર ખનીજ માફિયાઓએ જીવલેણ હુમલો કર્યો છે. મોડી રાત્રે ચેકિંગ દરમિયાન ગેરકાયદેસર રેતી ભરેલું એક ટ્રેક્ટર જપ્ત કરી પોલીસને સોંપાયું હતું. આ વેર રાખીને ખાંભા-સાવરકુંડલા રોડ પર ટ્રેક્ટર માલિક અને તેના સાથીઓએ ખાણ ખનીજ વિભાગની ખાનગી ગાડીને આંતરી ધોકા, પાઈપ અને છરી વડે હુમલો કર્યો હતો.આ હુમલામાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર કાનાભાઈ સોલંકી, નલિન બગડા અને સિક્યુરિટી ગાર્ડ મુકેશ જોશી ઘાયલ થયા હતા. મુકેશ જોશીને માથામાં ગંભીર ઈજા થતાં ત્રણ ટાંકા આવ્યા છે. ઘટના અંગે લુવારાના કરણભાઈ સાદુળભાઈ બોરીચા, જયરાજભાઈ વાળા અને અન્ય ત્રણ અજાણ્યા ઈસમો સહિત પાંચ સામે ગુનો નોંધાયો છે. સાવરકુંડલાના ઈન્ચાર્જ ડીવાયએસપી વિસ્મય માનસેતાએ હુમલાખોરોને ઝડપી પાડવા અલગ-અલગ પોલીસ ટીમો બનાવી સઘન કાર્યવાહી શરૂ કરી છે.

# વડિયા તાલુકાના સુર્યપ્રતાપગઢ પ્રાથમિક શાળામાં ગ્રામજનોની જનતા રેઈડ

**ચાર શખ્સો બાઇક અને નશાની સામગ્રી મૂકી ફરાર, પોલીસ મોડી પહોંચતા રોષ**

વડીયા,તા.૧૪



વડીયા તાલુકાના સુર્યપ્રતાપગઢ ગામની પ્રાથમિક શાળા અને બાલમંદિર પરિસરમાં છેલ્લા કેટલાક દિવસોથી અસામાજિક પ્રવૃત્તિઓ ચાલતી હોવાની શંકાના આધારે ગ્રામજનોએ જનતા રેઈડ કરી હતી. આ દરમિયાન ત્યાં હાજર ચાર શખ્સોએ ગ્રામજનો પર પથ્થરમારો કરી હુમલો કર્યો હતો અને પોતાની બાઈક, ચપ્પલ, સિગારેટ તેમજ ચલમ સહિતની સામગ્રી ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયા હતા. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે આ શખ્સો શાળા પરિસરમાં ગાંજાનું સેવન કરતા હતા. આ ઘટના અંગે તાત્કાલિક જાણ કરવા છતાં પોલીસ અંદાજે બે કલાક મોડી પહોંચી હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. મીડિયા પ્રતિનિધિઓ આવ્યા બાદ પણ કોઈ ઉચ્ચ અધિકારી ઘટનાસ્થળે ન આવતા રોષ ફેલાયો હતો. આખરે પોલીસે આવીને બાઈક સહિતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી બસ સ્ટેશનમાં બસમાં ચડતી વખતે મોબાઈલ ચોરાયો

અમરેલી, તા. ૧૪

અમરેલીમાં મોટા બસ સ્ટેન્ડ ખાતે બસમાં ચડવા જતી વખતે ૮૦ હજારની કિંમતનો મોબાઈલ ચોરાયો હતો. આ અંગે નિશાંકગીરી કુલસુખગીરી ગોસ્વામી (ઉ.વ. ૪૫)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ અમરેલી મોટા બસ સ્ટેન્ડ ખાતે બસમાં ચડવા જતા હતા ત્યારે તેમના ઉપરના ખિસ્સામાંથી કોઈ એપલ ૧૫ પ્લસ મોબાઈલ ચોરી ગયું હતું.

જેની કિંમત ૮૦ હજાર જાહેર કરાઈ હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. મકવાણા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયાના ઢૂંઢિયા પીપળીયા ગામના પુલમાં નવી બનેલી RCC દિવાલની કામગીરી નબળી

વડિયા,તા.૧૪



વડિયા તાલુકાના ઢૂંઢિયા પીપળીયા ગામ પાસે ચાલી રહેલા પુલનું નિર્માણ કાર્ય ફરી વિવાદમાં આવ્યું છે. મીડિયા અહેવાલો બાદ રાતોરાત શરૂ કરાયેલા કામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. પુલની સુરક્ષા માટે તાજેતરમાં બનેલી નવી RCC દીવાલ સુકાય તે પહેલાં જ તેમાંથી સિમેન્ટ અને કાકરીઓ ખરવા લાગતા સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. ચોમાસું નજીક હોવાથી આ નબળું કામ લોકોના જીવ માટે જોખમી બની શકે છે.આ બેદરકારી સામે આવતા માર્ગ અને મકાન વિભાગના અધિકારી એમ.એમ.ચાવડાએ એક્શન લઈ નબળી દીવાલને તાત્કાલિક તોડી પાડવાનો આદેશ આપ્યો છે. જોકે, ગ્રામજનોમાં સવાલ ઉઠી રહ્યો છે કે જો દીવાલ આટલી નબળી હોય, તો આખા પુલની ગુણવત્તા કેવી હશે? ભ્રષ્ટાચારની આશંકા હોવા છતાં કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં ન લેવાતા તંત્ર સામે પ્રશ્નો ઉઠ્યા છે. હાલ ગ્રામજનો આ કામની ઉચ્ચ સ્તરીય તપાસ અને વહેલી તકે ગુણવત્તાયુક્ત પુલ બને તેવી માંગ કરી રહ્યા છે.

# પ્રેમિકા સાથે વાતચીત બંધ થતાં યુવકનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

**લાઠીના અડતાળા ગામની ઘટનાઃ યુવક હોસ્પિટલમાં સારવાર હેઠળ**

લાઠી, તા. ૧૪

લાઠીના અડતાળા ગામે રહેતા સંજયભાઈ ચતુરભાઈ બગડા નામના યુવકને તેની પ્રેમિકા સાથે વાતચીત ન થતાં મનમાં લાગી આવ્યું હતું. આ કારણે તેણે જાતે જ ઉંદર મારવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. યુવકની તબિયત લથડતાં તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

આ અંગે પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત મુજબ, લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. પી. ડોડીયા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સાવરકુંડલામાં ૧૫ વર્ષ જૂની ગટરની સમસ્યાનો અંતઃ ધારાસભ્ય કસવાલાના હસ્તે ખાતમુહૂર્ત

સાવરકુંડલા,તા.૧૪



સાવરકુંડલા-લીલિયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સતત પ્રયત્નો અને માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા શહેરના વોર્ડ નં. ૩ અને ૮ ના નાગરિકો માટે છેલ્લા ૧૫ વર્ષથી માથાનો દુખાવો બનેલી ગટર લાઈનની ગંભીર સમસ્યાના કાયમી નિરાકરણ તરફ મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. ધારાસભ્યના હસ્તે જેસર રોડ સ્થિત સરદાર પટેલ સોસાયટી ખાતે નવી ગટર લાઈનના વિકાસ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ વિસ્તારમાં વર્ષોથી ગટર ઉભરાવા અને ગંદકીના કારણે સ્થાનિક રહેવાસીઓ સ્વાસ્થ્ય સંબંધિત મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. નવી ગટર લાઈનનું કાર્ય પૂર્ણ થતાં સ્વચ્છતા અને આરોગ્યની સ્થિતિમાં સુધારો થશે તથા ચોમાસામાં પડતી મુશ્કેલીઓ દૂર થશે. આ ખાતમુહૂર્ત કાર્યક્રમ દરમિયાન નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, સંગઠનના હોદ્દેદારો, બુથ કાર્યકરો અને મોટી સંખ્યામાં સ્થાનિક રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાના જીરા ગામે બહેનોઓ દ્વારા જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયાનું સન્માન

સાવરકુંડલા,તા.૧૪



સાવરકુંડલાના છેવાડાના જીરા ગામમાં સરપંચ તરીકે સફળ કામગીરી કરી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં વિજય મેળવી પ્રમુખ પદ સુધી પહોંચનાર દક્ષાબેનનું આજે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જીરા ગામમાં દક્ષાબેન દ્વારા છ સખી મંડળો ચલાવવામાં આવે છે. હાલ પવિત્ર પુરુષોત્તમ મહિનો ચાલતો હોવાથી ગોરમાની પૂજાના અંતિમ દિવસે ગામની જ મહિલા ઉચ્ચ પદ પર પહોંચી હોવાથી તમામ સખી મંડળોની બહેનોએ ભેગા મળીને તેમનું ભવ્ય સન્માન કર્યું હતું. આ ગૌરવશાળી કાર્યક્રમમાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી તેમજ સુરતથી ખાસ પધારેલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વક્તાઓએ દક્ષાબેનના સસરાએ ગામના વિકાસ માટે આપેલા ભોગને પણ યાદ કર્યો હતો. આ પ્રસંગે જીરા ગામના ભાઈ-બહેનો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા.






# ગોઢાવદરમાં અધિક માસ નિમિત્તે ગોરમાનાં પૂજનની રમઝટ

ગોઢાવદર,તા.૧૪






લીલીયા તાલુકાના ગોઢાવદર ગામમાં પવિત્ર ધિક માસ નિમિત્તે દીકરીઓ અને ગોપીઓ દ્વારા પરંપરાગત રીતે ગોરમાનું પૂજન કરવામાં આવી રહ્યું છે. ગામના વિવિધ ધાર્મિક સ્થળો જેવા કે રામજી મંદિર, સંકટ મોચન હનુમાન મંદિર, ગાંધી હોલ અને આંબેડકર વિસ્તારમાં ગોપીઓ ગોરમાને ભક્તિભાવપૂર્વક અવનવા પ્રસાદ ધરે છે. આ પાવન અવસરે ગામમાં આનંદભેર ધૂન-કીર્તનની રમઝટ બોલતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું છે.



તસવીર : ભરત વિંઝુડા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમા

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૭૬/૨૦૨૬

અરજદારશ્રીઃ- શ્રી જોરાબીબી હુસેનમિયા મટારી વા/ઓ કાસમબાપુ સીરાજી
સરનામુંઃ- મુ.સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- **જન્મ-મરણ નોંધણી અધિકારી,**
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વાવેરા
તા.રાજુલા જી.અમરેલી.

**-::નોટીસ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા મુકામે ના શ્રી જોરાબીબી હુસેનમિયા મટારી વા/ઓ કાસમબાપુ સીરાજીનો તેમનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ ના રોજ રાજુલા તાલુકાના વાવેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.એ. લાખાણી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે મે સનેઃ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળઃ- રાજુલા**
**તારીખઃ- ૧૧/૦૫/૨૦૨૬**

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**






## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ કેસ-નં. 153/2026

પ્રતિ,
શ્રી ગંગાબેન ગંગારામ રાઠોડ,
રહે.કાળાપાણ, ગામ-કાળાપાણ,તાલુકો-ઉના, જિલ્લો -ગીર સોમનાથ
વકીલશ્રી, કે.એસ.રાઠોડ, ઉના ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, કાળાપાણ, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના કાળાપાણ ગામના રહીશ ગંગારામ કાનજીભાઈ રાઠોડ તથા ગંગાબેન ગંગારામ રાઠોડના પુત્ર અરવિંદભાઈ ગંગારામ રાઠોડનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૦ના રોજ ઉના તાલુકાના કાળાપાણ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત, કાળાપાણ, તાલુકો-ઉના સને-1980 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૭/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**




**અમરેલી સાયબર ક્રાઈમને વધુ એક મોટી સફળતા**

# જયપુરમાં હોટલમાં ગોંધી રાખી બેંક ખાતામાં સાયબર ફ્રોડ કરનાર ગેંગનો આરોપી ડભોઈથી ઝડપાયો

અમરેલી, તા. ૧૪

મોટી રકમની લોનની લાલચ આપી નાગરિકોને રાજસ્થાનના જયપુર ખાતે બોલાવી, હોટલમાં ગોંધી રાખી તેમજ ડરાવી-ધમકાવી તેમના બેંક ખાતાનો સાયબર ફ્રોડમાં ઉપયોગ કરતી આંતરરાજ્ય ગેંગના વધુ એક મુખ્ય સાગરીતને પકડી પાડવામાં અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનને મોટી સફળતા મળી હતી. પોલીસે ટેકનિકલ સોર્સના આધારે તપાસ કરીને આ કેસના આરોપીને વડોદરાના ડભોઈ ખાતેથી દબોચી લીધો હતો.અમરેલી સાયબર ક્રાઈમની ટીમ દ્વારા ટેકનિકલ એનાલિસિસના આધારે તપાસ હાથ ધરીને આરોપી ઝૈનુદ્દીન અબ્દુલહૈઈ સૈયદ (ઉં. વ. ૩૪, ધંધો- સોલાર ઈન્સ્ટોલેશન, રહે. બસેરા સોસાયટી, જનતાનગર પાસે, ડભોઈ, જિ. વડોદરા)ને ઝડપી પાડવામાં આવ્યો છે. પકડાયેલ આરોપી સાયબર ફ્રોડ આચરતા મુખ્ય અકાઉન્ટ ઓપરેટર અને નાણાં ઉપાડતી



ટોળકી વચ્ચે 'એકાઉન્ટ/કેશ હેન્ડલર' તરીકેની મુખ્ય ભૂમિકા ભજવતો હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. તેણે ફરિયાદીને સબસિડીવાળી રૂપિયા ૨૫ લાખની લોન કરાવી આપવાની લાલચ આપી હતી. આ લાલચમાં આવી ગયેલા ફરિયાદીને જયપુર, રાજસ્થાન ખાતે બોલાવીને એક હોટલમાં ગોંધી રાખવામાં આવ્યા હતા. ત્યાં ફરિયાદીને ડરાવી-ધમકાવીને તેમના હસ્તકનું બેંક ખાતું પડાવી લેવામાં આવ્યું હતું. આ ખાતાનો ઉપયોગ સાયબર ફ્રોડના નાણાં મેળવવા અને સગેવગે કરવા માટે કરાયો હતો, જેમાં ટૂંકા ગાળામાં જ કુલ રૂ. ૪૬,૬૪,૫૯૭ના શંકાસ્પદ ટ્રાન્જેક્શન કરાયા હોવાનું ખૂલ્યું હતું.આ સમગ્ર ઓપરેશનમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પી.આઈ. કે. એલ. ખટાણા, યુ.એચ.સી. હિરેનસિંહ ખેર, ટેકનિકલ એ.એસ.આઈ. પારસભાઈ મજેઠીયા અને આઈ. ટી. એક્સપર્ટ મલ્હારભાઈ હિરપરાએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

**બેંક ખાતા વિરુધ્ધ અન્ય રાજ્યમાં પણ ફરિયાદ**

આ ગુનામાં વપરાયેલ ખાતા વિરૂધ્ધનેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ પર અન્ય રાજ્યોમાંથી પણ ગંભીર ફરિયાદો નોંધાયેલી હતી. કર્ણાટકના હાવેરી અને મહારાષ્ટ્રના થાણે સિટી તેમજ બૃહદ મુંબઇ સાયબર પોલીસ સ્ટેશન ખાતે આ જ ખાતા વિરૂધ્ધ અગાઉથી એફ.આઇ.આર. (FIR) દાખલ થયેલી હતી.

# રાજુલાના અમરાપરા-૨ ગામેથી ૧૨૯ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

રાજુલા, તા. ૧૪

રાજુલાના અમરાપરા-૨ ગામેથી પોલીસે ૧૨૯ બોટલ વિદેશી દારૂ પકડી પાડ્યો હતો. અહીં રહેતા કનુભાઈ જોધાભાઈ શિયાળ (ઉ.વ.૨૯) ના રહેણાંક મકાનમાંથી પોલીસને ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૧૨૯ બોટલો મળી આવી હતી. પોલીસે દારૂના જથ્થા સહિત કુલ રૂ.૪૭,૦૭૩/- નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત, જિલ્લાના અન્ય વિસ્તારોમાંથી ૩૩ લોકો દેશી દારૂ સાથે ઝડપાયા હતા, જ્યારે ભરડ ગામેથી દેશી દારૂ બનાવવાનો ૨૫૦ લીટર આથો મળી આવ્યો હતો. તેમજ જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૨૦ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા મળી આવ્યા હતા.

# મોટી કુકાવાવમાંથી ૫ અને ઠાસા ગામેથી ૫ મળી કુલ ૧૦ જુગારીઓ ઝડપાયા

કુકાવાવ, તા. ૧૪

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે સ્થળેથી ૧૦ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. મોટી કુકાવાવ ગામેથી ૫ અને ઠાસા ગામેથી એક મહિલા સહિત ૫ મળી, બંને સ્થળેથી કુલ ૧૦ જુગારીઓ રૂ.૪૪,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.મોટી કુકાવાવ ગામે શિવનગર પાછળના ભાગે હનુમાનજી મંદિર પાસે, વાડીના રસ્તા પર જાહેરમાં પૈસા તથા ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા આકાશભાઈ ઉર્ફે કાળો પ્રતાપભાઈ સોલંકી, વૈભવભાઈ ઉર્ફે ચિન્ટુ દિનેશભાઈ ગોસાઈ, જગદીશભાઈ ચંદુભાઈ સોલંકી, કમલેશભાઈ મધુભાઈ રાઠોડ તથા ઈલિયાસભાઈ આમદભાઈ રાઠોડ રોકડા રૂ.૩૪,૨૦૦ અને હાથબત્તી મળી કુલ રૂ.૩૪,૨૫૦ના મુદ્દામાલ સાથે રેડ દરમિયાન પકડાયા હતા.જ્યારે દામનગરના ઠાસા ગામેથી નરેશભાઈ હિંમતભાઈ સોલંકી, ધર્મેશભાઈ જીણાભાઈ સોલંકી, ભરતભાઈ ગોવિંદભાઈ નાવડીયા, કિશનભાઈ પ્રવિણભાઈ ભીડભીડીયા તથા એક મહિલા જાહેર જગ્યામાં પૈસા અને પાના વડે તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા રોકડા રૂ.૧૦,૨૫૦ સાથે ઝડપાયા હતા.

**બંને સ્થળેથી કુલ રૂ.૪૪,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો**

# લીલીયાની સરકારી કોલેજના NCC કેડેટે અરુણાચલ પ્રદેશના નેશનલ એડવેન્ચર કેમ્પમાં ભાગ લીધો

લીલીયા, તા. ૧૪

લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજના NCC યુનિટના કેડેટ તુષાર કોરાડિયાએ ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય હેઠળની સંસ્થા 'નિમાસ' (National Institute of Mountaineering and Allied Sprots), અરુણાચલ પ્રદેશ ખાતે આયોજિત રાષ્ટ્રીય સ્તરના 'સ્પેશિયલ એડવેન્ચર કોર્સ'માં સફળતાપૂર્વક સહભાગી થઈ કોલેજનું ગૌરવ વધાર્યું છે. ૩૧ મેથી ૯ જૂન સુધીના દસ દિવસીય આ



કઠિન અને સાહસિક અભ્યાસક્રમ દરમિયાન તુષાર કોરાડિયાએ શારીરિક અને માનસિક ક્ષમતાના ઉત્કૃષ્ટ ઉદાહરણો પૂરા પાડ્યા હતા. આ કેમ્પમાં તેમણે કૃત્રિમ દીવાલો પર રોમાંચક વોલ ક્લાઈમ્બિંગ, અરુણાચલના પહાડી વિસ્તારોમાં દુર્ગમ માઉન્ટ ટ્રેકિંગ અને વહેતી નદીઓને સુરક્ષિત રીતે પાર કરવા માટે સાહસિક રિવર ક્રોસિંગ જેવી પ્રવૃત્તિઓની તાલીમ મેળવી હતી. આ સમગ્ર સફળતા પાછળ કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડની પ્રેરણા અને NCC ઓફિસર ડો. મહેશ એસ. ગઢિયાનું શિસ્તબધ્ધ માર્ગદર્શન રહ્યું છે.

# પીએમ મોદીના અવિરત ૧૨ વર્ષ પૂર્ણ થતા ભુરખીયાધામ ખાતે મહાઆરતી યોજાઈ

લાઠી,તા.૧૪



વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અવિરત સેવાકાર્યોના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે સુપ્રસિધ્ધ તીર્થધામ ભુરખીયાધામ ખાતે એક ભવ્ય મહાઆરતીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલ પ્રસંગે ઉપસ્થિત સૌ ભક્તો અને અગ્રણીઓએ દેશના યશસ્વી પ્રધાનમંત્રીનું સ્વાસ્થ્ય ઉત્તમ રહે અને તેઓ દીર્ઘાયુ બને તે માટે ભક્તિભાવપૂર્વક પ્રાર્થના કરી હતી. સમગ્ર ભુરખીયાધામ ભક્તિમય માહોલ અને રાષ્ટ્રભાવનાના દિવ્ય નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

# અમરેલી જિલ્લામાં બે પરિણીતાઓનાં અપમૃત્યુ

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લામાં બે પરિણીતાઓનાં અપમૃત્યુની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. વાકિયામાં રહેતા મહેશભાઈ મથુરભાઈ જાદવ (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની વર્ષાબેન (ઉ.વ.૩૫) અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર ખાઈ જતાં (અથવા પી જતાં), સારવાર દરમિયાન મરણ પામ્યા હતા.બીજા બનાવમાં જાફરાબાદના મિતિયાળા ગામે રહેતા અશોકભાઈ જયાશંકર રાજ્યગુરુ (ઉ.વ.૫૩)એ જાહેર કર્યા મુજબ, તેમને કાર વેચવા અંગે પુત્ર સાથે બોલાચાલી થઈ હતી અને તેમણે પુત્રને ઠપકો આપ્યો હતો. આ વાતનું મનદુ:ખ રાખી તેમના પત્ની સોનલબેન (ઉ.વ.૫૬)એ એસિડ પી લીધું હતું, જેમનું પણ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

# સુરતના મોટા વરાછામાં પરિણીતાને પતિએ ઝાપટ મારી પહેરેલા કપડે ઘરેથી કાઢી મૂકી

**સાસરિયા કરિયાવર મુદ્દે મેણાં-ટોણાં મારતા હતા**

અમરેલી, તા.૧૪

સુરતના મોટા વરાછામાં પરિણીતાને પતિએ ગાલ પર ઝાપટ મારી પહેરેલા કપડે ઘરેથી કાઢી મૂકી હતી. આ ઉપરાંત સાસરિયાઓ કરિયાવર મુદ્દે મેણાં-ટોણાં મારતા હતા. આ અંગે હાલ અમરેલીમાં રહેતાં અમિષાબેન પ્રવીણભાઈ દોંગા (ઉ.વ.૨૬)એ સુરતના મોટા વરાછામાં રહેતા પતિ વિવેક રતીલાલ હરખાણી, સાસુ રેખાબેન રતીલાલ હરખાણી, સસરા રતીલાલ ગોવિંદભાઈ હરખાણી તથા દિયર દક્ષ રતીલાલ હરખાણી સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તા.૧૪/૦૭/૨૪ના રોજ તેમના લગ્ન થયા બાદ તા.૧૨/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન સુરત મુકામે પતિ, સાસુ-સસરા અને દિયરે તેમને ઘરકામ તેમજ કરિયાવર જેવી નાની-નાની બાબતોમાં અવારનવાર મેણાં-ટોણાં મારી શારીરિક-માનસિક ત્રાસ આપ્યો હતો અને ગાળો ભાંડી હતી. તેમજ પતિએ ગાલ ઉપર ઝાપટ મારી પહેરેલા કપડે ઘરેથી કાઢી મૂકી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. પી. આદ્રોજા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અમાસ
તા.૧૫-૦૬-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૫:૨૨,
સૂર્યાસ્ત-૦૭:૨૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૃગશીર્ષા

## દૈનિક રાશિફળ

**તા.૧૫-૦૬-૨૦૨૬ સોમવાર**

મેષ: આર્થિક મામલામાં તમારા માટે આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. તમે ઇચ્છો તો પણ રોકાણ કરી શકો છો. દિવસ થોડો વ્યસ્ત રહેશે.

વૃષભ: આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

મિથુન: આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે. સંતાનો તરફથી પણ જે ચિંતાઓ રહી હતી તે આજે ઉકેલાશે તેવી અપેક્ષા છે.

કર્ક: આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે.

સિંહ: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓને શારીરિક પીડા થઈ શકે છે. સાંજથી મોડી રાત સુધી તમને પરિવારના સભ્યો સાથે મુસાફરીનો આનંદ મળશે.

કન્યા: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. તમને પ્રિયજનોનું ઇચ્છિત સુખ અને ટેકો મળશે.

તુલા: આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો. સ્થળ પરિવર્તનનો સંદર્ભ મજબૂત અને સ્થાપિત થશે.

વૃશ્ચિક: આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. વ્યવસાયમાં સાથીઓ સાથે સંકલનના અભાવે તમે અસ્વસ્થતા અનુભવો છો.

ધન: આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. વેપારીઓ અને ભાગીદારો તરફથી પણ વ્યવસાયમાં સારું વાતાવરણ રહેશે.

મકર: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફના લીધે શારીરિક પીડા થવાની સંભાવના રહેશે. તેમ છતાં વ્યવસાયમાં નફો મળશે.

કુંભ: આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. કોઈ જૂના મિત્ર સાથેની મુલાકાત આજે તમારા ચહેરા પર સ્મિત લાવશે.

મીન: આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

# બાબરાના નડાળા ગામની સીમમાં સોલાર પ્લાન્ટની ૧૩૫ પ્લેટોમાં તોડફોડ

બાબરા, તા.૧૪

બાબરાના નડાળા ગામની સીમમાં આવેલા સોલાર પ્લાન્ટમાં ૧૩૫ સોલાર પ્લેટોની હથિયાર વડે તોડફોડ કરવામાં આવતા ચકચાર મચી ગઈ હતી.

આ અંગે ઈંગોરાળા ગામે રહેતા ભાવેશભાઈ ગોબરભાઈ દાફડા (ઉ.વ. ૩૫)એ અજાણ્યા શખ્સ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, નડાળા ગામની 'ડોળા' તરીકે ઓળખાતી સીમમાં ક્લીન મેક્સ કંપનીનો સોલાર પ્લાન્ટ આવેલો છે.

જેમાં કોઈ અજાણ્યા ઈસમોએ ગેરકાયદે પ્રવેશ કરી પ્લાન્ટમાં લગાવેલી કુલ ૧૩૫ સોલાર પ્લેટોને કોઈ હથિયાર વડે તોડી નાખી અંદાજે રૂ. ૧૪,૩૪,૬૪૫નું નુકસાન કર્યું હતું.

બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. વી. સિંધવ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

**રૂ. ૧૪,૩૪,૬૪૫ના નુકસાનની ફરિયાદ નોંધાઈ**

# દામનગરમાં માધવ કલા વૃંદ દ્વારા નેચરોથેરાપી કેમ્પ યોજાયો

દામનગર, તા.૧૪

દામનગર ખાતે શક્તિપીઠ ગાયત્રી મંદિર પરિસરના હોલમાં માધવ કલા વૃંદ દ્વારા પ્રાચીન ચિકિત્સા પધ્ધતિના નિષ્ણાંત તબીબ રાજકોટના ડો. પ્રતિભાબેન, ડો. ઉત્તમ પટેલનો નેચરોથેરાપી કેમ્પ યોજાયો હતો. માધવ કલા વૃંદ દ્વારા ફ્રી સ્માર્ટ નેચરોથેરાપી કેમ્પમાં અનેક પરેશાનીઓ ધરાવતા દર્દીઓને એકસ્પર્ટ થેરાપીસ્ટ કોચ



દ્વારા "સ્માર્ટથેરાપી અને સ્માર્ટ ડીવાઈસ" દ્વારા શરીરના જટીલ દુ:ખાવાની અસરકારક સારવાર કોઈપણ પ્રકારની આડઅસર વગર કરવામાં આવી હતી. આ સેવા યજ્ઞનો પ્રારંભ દીપ પ્રાગટય અભયભાઈ હકાણી સહિતના લોકોના હસ્તે કરાયું હતું.

# બગસરા પોલીસે ગુમ થયેલો કિંમતી ફોન શોધી મૂળ માલિકને પરત આપ્યો

બગસરા, તા.૧૪

બગસરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ માલદાનભાઈ ગઢવીએ માનવતા અને ફરજનિષ્ઠાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મોટી કુંકાવાવ ગામના રહેવાસી કરણભાઈ ધાધલનો કિંમતી એપલ આઈફોન ૧૭ મોબાઈલ ખોવાઈ ગયો હતો. આ અંગે તેમણે બગસરા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધતા, કોન્સ્ટેબલ માલદાનભાઈએ



તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. તેમણે ટેકનિકલ સહાય અને સ્થાનિક તપાસના આધારે સઘન પ્રયાસો કરીને ગુમ થયેલો મોબાઈલ શોધી કાઢ્યો હતો. આ કિંમતી ફોન તેના મૂળ માલિક કરણભાઈ ધાધલને સહી-સલામત પરત સોંપવામાં આવ્યો હતો. પોતાનો કિંમતી મોબાઈલ પાછો મળતા કરણભાઈ અને તેમના પરિવારે બગસરા પોલીસ તેમજ કોન્સ્ટેબલ માલદાનભાઈ ગઢવીની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગોંડલ(તાલુકા)ની કોર્ટ સમક્ષ//-**

જન્મ-મરણ કેસ નં.૮૮/૨૦૨૬

**-::જાહેર નોટીસ::-**

શ્રી શરદભાઈ પ્રતાપભાઈ ચાલ્લા .......અરજદાર

-//વિરૂધ્ધ//-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, મોટાદડવા, તા.ગોંડલ, જી.રાજકોટ ......સામાવાળા

**વિષય: જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ**

આ જાહેર નોટિસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના પિતાશ્રી-સ્વ.જમનાદાસભાઈ દાનાભાઈ ચાલ્લાનું તા.૨૨/૦૧/૧૯૯૪ ના રોજ મોટાદડવા મુકામે અવસાન થયેલ છે. તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાનાં રજીસ્ટરે અવસાન નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, "તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ(તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર/સામાવાળા જે કોઈ આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનુ નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૧૫/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**ગોંડલ(તાલુકા)**

## તંત્રી લેખ

# જલવાયુ પરિવર્તન આજે સૌથી મોટો પડકાર

જલવાયુ પરિવર્તન આજે વૈશ્વિક ચર્ચાનો મુખ્ય વિષય છે. વિશ્વભરમાં વધતું તાપમાન, હિમનદીઓનું પીગળવું, દરિયાની સપાટી વધવી, અનિયમિત વરસાદ અને આત્યંતિક હવામાનીય ઘટનાઓ એ જલવાયુ પરિવર્તનના સ્પષ્ટ સંકેતો છે. આ સમસ્યા માત્ર પર્યાવરણની જ નથી, પરંતુ તે માનવ અસ્તિત્વ, અર્થવ્યવસ્થા, આરોગ્ય અને સુરક્ષાનો પ્રશ્ન છે. જલવાયુ પરિવર્તનના મુખ્ય કારણોમાં ઔદ્યોગિક ક્રાંતિ પછી વધેલા ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનનો સમાવેશ થાય છે. કાર્બન ડાયોક્સાઈડ, મિથેન, નાઈટ્રસ ઓક્સાઈડ અને ફ્લોરિનેટેડ વાયુઓ વાતાવરણમાં એક સ્તર બનાવે છે જે સૂર્યની ગરમીને પૃથ્વી પર અટકાવી રાખે છે. ઉર્જા ઉત્પાદન માટે કોલસો, ખનિજ તેલ અને કુદરતી ગેસનું દહન, વનોનો સફાયો, કૃષિ પ્રવૃત્તિઓ અને ઔદ્યોગિક પ્રક્રિયાઓ આ ઉત્સર્જન માટે જવાબદાર છે. ભારત જેવા વિકાસશીલ દેશ માટે જલવાયુ પરિવર્તનની અસરો વધુ ગંભીર છે. અહીં ખેતી હજુ પણ મોટાભાગે મોનસૂન પર આધારિત છે. અનિયમિત વરસાદ, પૂર અને દુષ્કાળ ખેડૂતોની આવકને ચોમાસા જેટલી જ અનિશ્ચિત બનાવી રહ્યા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાની સપાટી વધવાના કારણે લાખો લોકો વિસ્થાપિત થવાનો ખતરો છે. ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના શહેરો ખાસ સંવેદનશીલ છે. જલવાયુ પરિવર્તનની અસર માત્ર ભૌતિક જ નહીં પણ સામાજિક અને આર્થિક પણ છે. ખેતી ઉત્પાદનમાં ઘટાડો થવાથી ખાદ્ય સુરક્ષા જોખમમાં મુકાય છે. પાણીની અછત વધતાં ઘરેલું, ઔદ્યોગિક અને કૃષિ જરૂરિયાતો વચ્ચે સંઘર્ષ વધે છે. આરોગ્ય સેવાઓ પર વધારાનો બોજ આવે છે. ગરીબ અને હાંસિયામાં ધકેલાયેલા સમુદાયો આ ફેરફારો સામે સૌથી વધુ સંવેદનશીલ છે. વ્યક્તિગત સ્તરે પણ ઘણું કરી શકાય છે. ઉર્જાનો બચાવ, નવીનીકરણીય ઉર્જાનો ઉપયોગ, સાર્વજનિક પરિવહન અને સાયકલનો વધુ ઉપયોગ, કચરાનું વર્ગીકરણ અને પુનઃચક્રણ, જળ સંરક્ષણ, સ્થાનિક અને મોસમી ખોરાકનો ઉપયોગ આ બધાં પગલાં આપણા કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડી શકે છે. વૃક્ષારોપણ, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો અને ટકાઉ જીવનશૈલી અપનાવવી એ પણ અસરકારક ઉપાયો છે. જલવાયુ પરિવર્તનઃ અસ્તિત્વનો સવાલ : જલવાયુ પરિવર્તન આજે વૈશ્વિક ચર્ચાનો મુખ્ય વિષય છે. વિશ્વભરમાં વધતું તાપમાન, હિમનદીઓનું પીગળવું, દરિયાની સપાટી વધવી, અનિયમિત વરસાદ અને આત્યંતિક હવામાનીય ઘટનાઓ એ જલવાયુ પરિવર્તનના સ્પષ્ટ સંકેતો છે. આ સમસ્યા માત્ર પર્યાવરણની જ નથી, પરંતુ તે માનવ અસ્તિત્વ, અર્થવ્યવસ્થા, આરોગ્ય અને સુરક્ષાનો પ્રશ્ન છે. જલવાયુ પરિવર્તનના મુખ્ય કારણોમાં ઔદ્યોગિક ક્રાંતિ પછી વધેલા ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનનો સમાવેશ થાય છે. કાર્બન ડાયોક્સાઈડ, મિથેન, નાઈટ્રસ ઓક્સાઈડ અને ફ્લોરિનેટેડ વાયુઓ વાતાવરણમાં એક સ્તર બનાવે છે જે સૂર્યની ગરમીને પૃથ્વી પર અટકાવી રાખે છે. ઉર્જા ઉત્પાદન માટે કોલસો, ખનિજ તેલ અને કુદરતી ગેસનું દહન, વનોનો સફાયો, કૃષિ પ્રવૃત્તિઓ અને ઔદ્યોગિક પ્રક્રિયાઓ આ ઉત્સર્જન માટે જવાબદાર છે. આજથી નાના પગલાં લઈએ, ટકાઉ જીવનશૈલી અપનાવીએ અને આ ગ્રહને સુરક્ષિત બનાવવા માટે સંકલ્પબધ્ધ બનીએ.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પાંચમા સરસંઘચાલકઃ સુદર્શનજી



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના પાંચમા સરસંઘચાલક કુપ્પહલ્લી સીતારામૈયા સુદર્શનજીનો જન્મ ૧૮ જૂન ૧૯૩૧ ના રોજ રાયપુરમાં થયો હતો. તેઓ નાનપણથી જ તીક્ષ્ણ બુધ્ધિ ધરાવતા હતા અને બહુભાષી વાતાવરણમાં રહેવાને કારણે તેમણે અનેક ભાષાઓ પર પ્રભુત્વ મેળવ્યું હતું. તેમણે ૧૧મા ધોરણ (મેટ્રિક) સુધીનો અભ્યાસ ચંદ્રપુરમાં પૂર્ણ કર્યો અને ઈ.સ. ૧૯૪૭માં મેટ્રિક પાસ કરીને ઉચ્ચ શિક્ષણ માટે જબલપુર આવ્યા, જ્યાં રોબર્ટસન કોલેજમાંથી વિજ્ઞાન પ્રવાહમાં ઈન્ટરમીડિએટ પૂર્ણ કર્યું. જ્યારે તેઓ ઈન્ટરમીડિએટમાં હતા, ત્યારે મહાત્મા ગાંધીની હત્યા બાદ સંઘ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પ્રતિબંધના વિરોધમાં દેશભરમાં થયેલા સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ સુદર્શનજીને ત્રણ મહિનાની જેલની સજા થઈ હતી. ઈ.સ. ૧૯૫૩ થી ૧૯૫૫ દરમિયાન તેમણે નાગપુરથી સંઘ શિક્ષા વર્ગની ત્રણ વર્ષની તાલીમ પૂર્ણ કરી. ઈ.સ. ૧૯૫૪ માં મધ્યપ્રદેશના રાયગઢ જિલ્લામાં તેમને પ્રથમ વખત પ્રચારક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને ચાંપા, જાંજગીર તથા બિલાસપુરની જવાબદારી સોંપાઈ. ૧૯૬૪ માં તેઓ મધ્ય ભારતના પ્રાંત પ્રચારક બન્યા અને ૧૯૬૬ માં ઈન્દોરથી 'સ્વદેશ' નામનું દૈનિક અખબાર શરૂ કર્યું. ૧૯૭૫ માં કટોકટી (ઈમરજન્સી) દરમિયાન 'ભારત સંરક્ષણ અધિનિયમ' હેઠળ તેમણે ૧૯ મહિનાનો જેલવાસ પણ ભોગવ્યો હતો.


ઈ.સ. ૧૯૭૯ થી તેમને પૂર્વાંચલ (પૂર્વ ભારત) પ્રદેશના પ્રચારકની જવાબદારી સોંપાઈ, જેનું કેન્દ્ર કોલકાતા હતું. ત્યાં તેમણે બંગાળી, ઊડિયા અને આસામી ભાષાઓ શીખીને પ્રવાહિત ભાષણો આપવાનું શરૂ કર્યું. સુદર્શનજી સંઘના ઈતિહાસમાં અખિલ ભારતીય શારીરિક શિક્ષણ પ્રમુખ અને બૌધ્ધિક પ્રમુખ — આ બંને જવાબદારીઓ સંભાળનારા પ્રથમ કાર્યકર્તા હતા. શારીરિક વિભાગમાં તેમણે પરંપરાગત લાઠી-તલવારની સાથે જુડો-કરાટે (નિયુધ્ધ), યોગાસન અને પ્રાણાયામનો સમાવેશ કર્યો. બૌધ્ધિક પ્રમુખ તરીકે તેમણે 'એકાત્મતા સ્તોત્ર' અને 'એકાત્મતા મંત્ર'નું પુનર્ગઠન કરીને તેને વ્યાપક સ્વરૂપ આપ્યું. ૧૯૮૯ માં તેઓ સહ-સરકાર્યવાહ બન્યા અને દિલ્હીથી સંગઠનને મજબૂત બનાવવાનું કાર્ય કર્યું.

૧૦ માર્ચ ૨૦૦૦ ના રોજ, પૂજનીય રજ્જુ ભૈયાજીએ નાદુરસ્ત તબિયતના કારણે રાજીનામું આપતા, સર્વસંમતિથી સુદર્શનજીને સંઘના નવા સરસંઘચાલક બનાવવામાં આવ્યા. તેઓ સતત નવ વર્ષ સુધી આ પદ પર રહ્યા અને વર્ષમાં બે વાર સમગ્ર દેશનો પ્રવાસ કરતા. વિજયાદશમી (દશેરા) ના ઉત્સવ પર નાગપુરથી અપાતું સરસંઘચાલકજીનું ભાષણ સમગ્ર દેશ માટે માર્ગદર્શિકા બને તેવો પ્રચાર-પ્રસાર તેમના જ કાર્યકાળમાં વ્યાપક બન્યો. જ્યારે તેઓ સરસંઘચાલક બન્યા ત્યારે કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં ગઠબંધન સરકાર હતી. ગઠબંધનની મર્યાદાઓને કારણે રામ જન્મભૂમિ મંદિર નિર્માણ, સમાન નાગરિક સંહિતા, ગૌહત્યા પ્રતિબંધ અને કલમ ૩૭૦ હટાવવા જેવા મુદ્દાઓ પર સીધો અમલ મુશ્કેલ હતો, છતાં સુદર્શનજીએ તત્કાલીન સરકાર સાથે રાષ્ટ્રીય હિતના મુદ્દાઓ પર સતત સંવાદ જાળવી રાખ્યો. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન સંઘકાર્યને વૈશ્વિક દ્રષ્ટિકોણ આપ્યો અને માર્ક્સવાદ સામે ભારતીય ચિંતનની સ્વતંત્ર ભૂમિકા મજબૂત કરી.

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

# ખેત મજૂરો ગણોતીયામાંથી ખેડૂત ખાતેદાર બનાવનાર લોકનેતા - શ્રી ઢેબરભાઈ



ગુજરાત અને સૌરાષ્ટ્રના ઈતિહાસમાં કેટલાક એવા મહાન લોકનેતાઓ થયા હોય છે. જેમણે માત્ર રાજકારણ જ નહીં, પરંતુ સમાજના પાયામાં પરિવર્તન લાવવાનું કામ કર્યું છે. એવા લોકનેતાઓમાં શ્રી ઉચ્છંગરાય નાવલશંકર ઢેબર (ઢેબરભાઈ)નું નામ મહત્વ નું સ્થાન ધરાવે છે. સૌરાષ્ટ્ર રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી તરીકે તેમણે ખેડૂતો, ગરીબો અને ખેત મજૂરોના જીવનમાં નવી આશાનો સૂર્યોદય કર્યો હતો. ખાસ કરીને ખેત મજૂરો અને ગણોતિયાઓને જમીનના માલિકી હક્ક અપાવી તેમને ખેડૂત ખાતેદાર બનાવવાનું કાર્ય તેમની સૌથી મોટી અને ઐતિહાસિક સિધ્ધિ માનવામાં આવે છે.

સ્વતંત્રતા પછી સૌરાષ્ટ્રના અનેક રજવાડાંઓનું એકીકરણ કરીને નવા રાજ્યની રચના થઈ. તે સમયે ખેતીની સ્થિતિ આજની જેમ સરળ નહોતી. હજારો ખેડૂતો વર્ષો સુધી જમીન ખેડતા હતા, પરંતુ જમીનના માલિક નહોતા. તેઓ ગણોતિયા કે ખેત મજૂર તરીકે ઓળખાતા હતા. મહેનત તેમની હતી, પાક તેઓ ઉગાડતા હતા, પરંતુ માલિકીનો હક બીજાના નામે હતો. આવી વ્યવસ્થાને દૂર કરવા ઢેબરભાઈએ ગણોતધારા અને જમીન સુધારાના કાયદાઓ અમલમાં મૂક્યા.

આ કાયદાઓના પરિણામે જે ખેડૂતો જમીન ખેડતા હતા તેને જ જમીનનો માલિક બનાવવામાં આવ્યા. હજારો ખેત મજૂરો અને ગણોતિયાઓ પ્રથમ વખત પોતાની જમીનના ખાતેદાર બન્યા. આ માત્ર કાયદાકીય ફેરફાર નહોતો, પરંતુ ગામડાંઓમાં સામાજિક અને આર્થિક ક્રાંતિ હતી. ખેડૂતોના જીવનમાં સ્વાભિમાન, આત્મવિશ્વાસ અને સુરક્ષાની ભાવના જન્મી. પરંતુ આજે, જ્યારે આપણે ઢેબરભાઈના યોગદાનને યાદ કરીએ છીએ ત્યારે એક પ્રશ્ન પણ થાય છે કે જે જમીન મેળવવા માટે આપણા પૂર્વજોએ સંઘર્ષ કર્યો, તે જમીનને સાચવવા માટે આપણે કેટલા જાગૃત છીએ?

એક સમય એવો હતો જ્યારે ખેતી માટે ટ્રેક્ટર, રોટાવેટર, સ્પ્રેયર કે આધુનિક યંત્રો નહોતા. આપણા બાપદાદા વહેલી સવારે ઊઠીને બળદને જોતરતા, હળ હાંકતા અને આખો દિવસ ખેતરમાં પરસેવો પાડતા. કોદાળી વડે બોરડી, ધરો અને કાંટા-ઝાંખરા કાઢીને ખેતરોને ઉપજાઉ બનાવતા. કૂવાઓ ખોદતા, પાળા બાંધતા અને વરસો સુધી મહેનત કરીને જમીનને સોના જેવી ઉપજાવ બનાવતા. આવા મહેનત કશ વડીલો ઈશ્વરના દરબારમાં જતા રહ્યા, પરંતુ સંતાનોને સાતબાર અને ૮-અમાં વારસદાર બનાવી ગયા. માત્ર જમીન નહીં, પરંતુ મહેનત, સંસ્કાર અને સમૃધ્ધિનો વારસો સોંપી ગયા.

આજે ઘણા ખેડૂત પરિવારોના સંતાનો શિક્ષણ, નોકરી અને વ્યવસાય માટે શહેરોમાં સ્થાયી થયા છે. બદલાતા સમય સાથે જીવનશૈલી બદલાઈ છે, પરંતુ ઘણી જગ્યાએ ખેતી અને જમીન પ્રત્યેનું જોડાણ પણ ઓછું થતું જાય છે. કેટલાક લોકો આર્થિક મુશ્કેલીઓ કે અન્ય કારણોસર પૂર્વજોની જમીન વેચી રહ્યા છે. આ બાબત ચિંતાજનક છે. કારણ કે મોટાભાગના ખેડૂતો પાસે રહેલી જમીન કોઈ બજારમાંથી ખરીદેલી સંપત્તિ નથી. તે બાપદાદાની કાળી મજૂરી, પરસેવો અને ત્યાગનું પરિણામ છે. એ જમીનમાંથી ઉપજ લેવાનો અધિકાર તો આપણને છે, પરંતુ તેને સાચવીને આગામી પેઢીને આપવાની જવાબદારી પણ એટલી જ મોટી છે. ખેડૂત માટે જમીન માત્ર મિલકત નથી, પરંતુ તેની ઓળખ, આબરૂ અને ભવિષ્યની સુરક્ષા છે.

ગામડાની એક જૂની કહેવત છે — 'ખેતર વેચાય નહીં, ખેતર તો વધારાય' જમીન એકવાર વેચાઈ જાય પછી પાછી મેળવવી મુશ્કેલ બને છે. પરંતુ જમીન જળવાઈ રહે તો તે પેઢીઓ સુધી પરિવારનું ભરણપોષણ કરી શકે છે. ઘરની મિલકત, વાહન કે દાગીના ફરી ખરીદી શકાય, પરંતુ પૂર્વજો એ આપેલી ધરતીનો વારસો ગુમાવી દેવો એ ઘણી વખત નુકસાન સાબિત થાય છે.

ઢેબરભાઈએ ખેત મજૂરોને ખાતેદાર બનાવીને જે સ્વપ્ન જોયું હશે તે માત્ર જમીનના કાગળો બદલવાનું નહોતું. તેઓ ઈચ્છતા હતા કે ખેડૂત પોતાના પગ પર ઊભો રહે, પોતાની ધરતીનો ગૌરવ અનુભવે અને આવનારી પેઢીઓને પણ આ વારસો જાળવી રાખે.

## ઝાકળનું એક બિંદુ



હિરેન હિરપરા

આજે તેમના કાર્યને સાચી શ્રધ્ધાંજલિ એ જ હશે કે આપણે પૂર્વજોની મહેનતથી મળેલી જમીનનું જતન કરીએ, ખેતી સાથેનો સંબંધ જાળવીએ અને આવનારી પેઢીને પણ જમીનનું મહત્વ સમજાવીએ.

'જે ખેડે તે જમીનનો માલિક' - આ વિચારને સાકાર કરનાર ઢેબરભાઈએ ખેત મજૂરોને માત્ર જમીનનો હક આપ્યો નહોતો, પરંતુ સ્વાભિમાનનું જીવન આપ્યું હતું. હવે એ સ્વાભિમાન અને એ ધરતીને સાચવવાની જવાબદારી ખેડૂતો અને ખેડૂતોના સંતાનોની છે. બાપદાદાના પરસેવાના ટીપાંથી સિંચાયેલી આ ધરતી જ આપણા પરિવાર અને સમાજનું સાચું ભવિષ્ય છે.ખેડુત એટલે કોઈ એક જ્ઞાતી નહીં ખેતી સાથે સંકળાયેલા તમામ જ્ઞાતિના લોકોએ ખેતીનું મહત્વ જાળવી રાખવુ જોઈએ.

# ગમ તું ના કર, ગમતું કર. આ જીવન આજીવન નથી

જીવન એક અમૂલ્ય ભેટ છે. પરંતુ ઘણી વખત માણસ પોતાની પાસે જે નથી તેના માટે ગમ કરતો રહે છે અને જે છે તેનો આનંદ માણવાનું ભૂલી જાય છે. તેથી જ કોઈ વિચારકે ખૂબ સુંદર વાત કહી છે — ''ગમ તું ના કર, ગમતું કર. આ જીવન આજીવન નથી.''

આ નાનકડી પંક્તિમાં આખા જીવનનું તત્વજ્ઞાન સમાયેલું છે. જીવન ટૂંકું છે, ક્ષણભંગુર છે. અહીં કોઈ કાયમ રહેવાનું નથી. તેથી દુઃખ, નિરાશા અને અફસોસમાં સમય વેડફવા કરતાં જે ગમે છે, જે સારું છે અને જેનાથી જીવનમાં આનંદ આવે છે તે કાર્ય કરવું જોઈએ.

ગમ કરવાથી શું મળે?

ઘણા લોકો ભૂતકાળની ઘટનાઓને લઈને સતત દુઃખી રહે છે. કોઈએ અપમાન કર્યું હોય, વ્યવસાયમાં નુકસાન થયું હોય કે કોઈ પ્રિય વ્યક્તિ દૂર થઈ ગઈ હોય, તો તેઓ વર્ષો સુધી એ વાતને લઈને ગમ કરતા રહે છે.અત્યારની મોર્ડન ફેસિલિટી જોઈને ઘણા પતિ પત્ની વર્ષો પહેલાના પોતાના શરુવાતના લગ્ન જીવન દરમ્યાન ટાંચા સાધનો મર્યાદિત ફેસિલિટી અને રિતરીવાજની મર્યાદાઓના કારણે જે અગવડતાઓ ભોગવવી પડી હોય તેને અફસોસ કરીને એક બીજા પ્રત્યે આક્ષેપ પ્રતિ આક્ષેપ કરીને વર્તમાન પળો ને તંગ બનાવતા હોય છે.જેના કારણે એકબીજા પ્રત્યેનો લગાવ ઓછો થતો જાય છે.આજના સમયની જીવન શૈલી અને ત્રીસ વર્ષ પહેલાના સમયની જીવનશૈલીમાં ખૂબ મોટો ફેરફાર થયેલ હોય છે એ સમયની ગતિને સમજીને સ્વીકારીને ભૂતકાળને આજના સમયના ત્રાજવે તોળવાનો પ્રયાસ કરનાર દંપતી ગમમાં દુઃખી થાય છે. જે ઘટનાઓ સમયના વહેણમાં તણાઈને ભૂતકાળ બની ગઈ છે તે પૈકીની સુખદ યાદો સિવાયની દુઃખદ યાદો વર્તમાન પળને વિવાદિત બનાવી શકે છે.આપણે વિચારીએ તો ગમ કરવાથી સમસ્યાનો ઉકેલ આવતો નથી ગમ માત્ર મનની શાંતિ છીનવી લે છે. તે શરીર અને મન બંનેને થકવી નાખે છે. ગમમાં જીવતો માણસ વર્તમાનની ખુશીઓ પણ ગુમાવી દે છે.

ઉદાહરણઃ વવાજોડામાં ગામના મોટા ભાગના ખેડૂતના ખેતરમાં અચાનક ખૂબ મોટા પ્રમાણમાં પાણી ફરી વળ્યાં ,જમીનો ધોવાઈ ગઈ અને પાકને મોટું નુકસાન થયું. ગામના ઘણા ખેડૂતો મહિના સુધી દુઃખી રહ્યા. પરંતુ બધા ખેડૂતો એ કહ્યું, ''જે થયું તે હવે બદલાઈ શકતું નથી. હવે આગળ શું કરવું તે વિચારીએ.'' તેમણે નવી ખેતી શરૂ કરી અને થોડા સમયમાં

## મનન ચિંતન



ભરત બાવીશી

ફરી ઉભા થઈ ગયા. જ્યારે એક ખેડૂત હજુ પણ ગમમાં ડૂબેલ હતો,સતત હતાશ રહેતો એટલે ખેતી નબળી પડતી ગઈ,હિંમત હારી ગયો બીજા વર્ષે પણ પાક લાઈ શક્યો નહીં અને કાયમ નબળો પડતો ગયો,શરીર અને મનથી ભાંગી ગયો અને અંતે અંતિમ પગલું ભરીને જીવન ટૂંકાવી નાખ્યું.આથી સમજાય છે કે ગમ કરવાથી સમય જાય છે, જ્યારે કાર્ય કરવાથી પરિણામ મળે છે.

ગમતું કરવાનું મહત્વઃ- જીવનમાં દરેક વ્યક્તિને કંઈક ને કંઈક ગમતું હોય છે. કોઈને વાંચવું ગમે, કોઈને લખવું ગમે, કોઈને સેવા કરવી ગમે, કોઈને સંગીત ગમે. કોઈને હરવું ફરવું ગમે. જે કાર્યમાં આપણું મન લાગે છે તે કાર્ય કરવાથી જીવનમાં ઉત્સાહ અને ઊર્જા આવે છે. સૌથી મોટો લાભ એ છે ગમતું કાર્ય કરવાથી નિજાનંદ મળે છે.નિરાંતે ઊંઘ આવી જાય છે.ભજન અને ડાયરના શોખીન લોકોને આખી રાતનો ઉજાગરો નડતો નથી. એ જ લોકોને ન ગમતા કામ માટે રાતનાં બાર વાગે ત્યાં કંટાળો આવી જાય છે.

ઉદાહરણઃ- એક નિવૃત્ત શિક્ષક નિવૃત્તિ પછી ખૂબ એકલતા અનુભવતા હતા. તેઓ સતત વિચારતા કે હવે જીવનમાં શું બાકી રહ્યું? પછી તેમણે બાળકોને નિઃશુલ્ક શિક્ષણ આપવાનું શરૂ કર્યું.સમાજ સેવા માં સમય આપવા લાગ્યા. આ કાર્ય તેમને ગમતું હતું. થોડા જ સમયમાં તેમનું જીવન ફરી આનંદ અને સંતોષથી ભરાઈ ગયું.ગમતું કાર્ય માત્ર આનંદ જ નથી આપતું, પરંતુ જીવનને અર્થ પણ આપે છે.

જીવન કાયમી નથી

''આ જીવન આજીવન નથી'' - આ વાક્ય આપણને જીવનની વાસ્તવિકતા યાદ અપાવે છે. આપણે દુનિયામાં મહેમાન છીએ. અહીંનો દરેક દિવસ ઈશ્વરની ભેટ છે. તેથી દરેક ક્ષણનો સદુપયોગ કરવો જોઈએ.

ઉદાહરણઃ- એક ધનિક વેપારી સતત ધન એકત્રિત કરવામાં વ્યસ્ત રહેતા. પરિવારને સમય આપતા નહોતા. એક દિવસ અચાનક ગંભીર બીમારી આવી. ત્યારે તેમને સમજાયું કે સંપત્તિ કરતાં સંબંધો વધુ કિંમતી છે. પછી તેમણે પરિવાર સાથે સમય પસાર કરવાનુંશરૂ કર્યું અને જીવનનો સાચો આનંદ અનુભવ્યો.

વર્તમાનમાં જીવવાની કળાઃ- ઘણા લોકો ભૂતકાળના પસ્તાવા અને ભવિષ્યની ચિંતામાં વર્તમાન ગુમાવી દે છે. પરંતુ સુખી વ્યક્તિ એ છે જે આજની ક્ષણને જીવી જાણે છે. ગઈકાલની ભૂલોને પાઠ બનાવો. આવતીકાલના સપનાઓ માટે આયોજન કરો.પરંતુ જીવન આજમાં જ જીવો. સંબંધોમાં પણ આ સૂત્ર અપનાવો. ઘણીવાર લોકો નાની-નાની વાતોમાં મનદુઃખ રાખે છે. વર્ષો સુધી સંબંધોમાં અંતર જાળવી રાખે છે. જો જીવન ખરેખર ટૂંકું છે તો પછી મનદુઃખ રાખવાનો અર્થ શું? માફ કરી દેવું, પ્રેમથી મળવું અને હસતાં રહેવું વધુ સારું નથી?

જે વ્યક્તિ મનનો ભાર ઉતારી દે છે તે જ સાચા અર્થમાં હળવાશથી જીવી શકે છે. જીવન આપણને વારંવાર એક જ સંદેશ આપે છે :જે બદલાઈ ન શકે તેનો ગમ ન કરો અને જે કરી શકાય તે ગમતું કાર્ય શરૂ કરો. દુઃખને દિલમાં રાખીને જીવન પસાર કરવું એ અંધકારમાં દીવો બુઝાવી દેવા જેવું છે. જ્યારે ગમતું કાર્ય કરવું એ જીવનમાં પ્રકાશ ફેલાવવા જેવું છે.એટલેજ કહું છું :

**''ગમ તું ના કર, ગમતું કર; સમયને સાર્થક બનાવ. આ જીવન આજીવન નથી,**
**હસતાં-હસતાં જીવવાનું શીખી જા.''**
**માનવ જીવન માટીના દિપક જેવું છે,તેલ ખતમ તો ખેલ ખતમ**
**ગમના વાદળોને દૂર હટાવી દો, આશાના દીપકને પ્રગટાવી દો; જીવન તો ચાર દિવસની સફર છે,**
**હસીને જીવો ને ખુશીઓ લૂંટાવી દો.**

## :: તિખારો ::

**ઉઘાડા પડે તોય ઢાંકવા પડે છે.કારણ કે સંબંધો સાચવવા પડે છે.કરે જાણી જોય ને ભુલો હજાર છતાંય માફ કરવા પડે છે.**
**બનશે જીંદગી વેરાન જાણતા હોય તોય ભુલો કરે છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

# અઠવાડિક ખેતિ કાર્યો

બિયારણને પટ્ટ આપીને જ વાવેતર કરવું. ● ખેતરમાં મગફળીમાં મુંડા આવતા હોય તો કલોરપાયરીફોસનો અથવા તેને લાગતી બજારમાં મળતી કોઈ પણ દવાનો પટ્ટ આપીને જ પછી વાવેતર કરવું.

● ચોમાસું સમયસર હોવાથી તમે વાવેતર માટે નક્કી કરેલ પાકનું વાવેતર કરવું.

● વધુ વરસાદ અને વાવાઝોડા વાળા વિસ્તારમાં ખાસ તકેદારી રાખવી. ઝાડ જો નમી ગયા હોય તો પવનની ગતિ ધીમી પડે પછી ઝાડના થડણી પાછળની સાઈડથી માટી કાઢી ઝાડને ઉભું કરી ટેકો આપવો.

● ધોવાણ ઓછું થાય તે મુજબ વાવેતર અને પાળા બનાવવા.

**મગફળીનો વાવેતર સમય ::**

● ચોમાસુ વાવેતર માટે વાવેતર સમયના ત્રણ તબકકામા વાવેતર થાય છે,

● ખૂબ સારુ ઉત્પાદન મેળવવા ચોમાસામાં વરસાદ થાય તે પહેલા એટલે કે ૧૫ મે થી ૧૦ જુન સુધીમાં મહિનાના પ્રથમ અઠવાડીયા સુધીમાં પિયત આપીને મગફળીનું આગોતરુ વાવેતર કરવુ હોય તો જીએયુજી-૧૦ અથવા જીજી-૧૧ અથવા અથવા જીજી-૧૩ અથવા જીજેજી-૧૭ જેવી મોડી પાકતી વેલડી મગફળીનુ વાવેતર કરવું.

● ૧૫-જુનથી ૩૦ જુન સુધીમાં વરસાદ થાય તો સમયસરના વાવેતર માટે ઉભડી મગફળીની જાતનું વાવેતર કરી શકાય.

વહેલી પાકતી જીજી-૨ અથવા જીજી-૫ અથવા જીજી-૭, ,૩૧ અથવા જીજેજી-૯ જેવી ફકત ઉભડી જાતોનું વાવેતર કરી શકાય. આમ આગોતરું, સમયસરનું અને મોડું એમ ત્રણ પ્રકારનુ વાવેતર મગફળીમાં થાય છે.

**મગફળી પાકની અગત્યુતા ::**

● મગફળી છોડની ખાસ કરીને વેલડી પ્રકારની જાત જમીન પર પથરાઈ જતી હોઈ સુકા અને અર્ધ-સુકા વિસ્તારના ઢાળવાળા ખેતરોની જમીનનું ધોવાણ અટકાવે છે અને પાણીને વહી જતું રોકે છે. આ પાક વધારે વરસાદ કે વાવાઝોડામાં અન્ય પાકો માફક ઢળી પડતો નથી.

● ઉંચી માત્રામાં (૫૦%) ખાધ્ય તેલ ધરાવતો અગત્યનો પાક છે, જેમાંથી વનસ્પતિ ઘી બનાવી ઘી ની ગરજ પણ સારી શકાય છે. મગફળી તેલમાંથી બનતા વેજીટેબલ ઘી માંથી અનેક પ્રકારના ફરસાણ અને મીઠાઈઓ બને છે. મગફળી તેલ ઉતમ પ્રકારનું ખાદ્યૂય તેલ હોવા ઉપરાંત, લાંબો સમય સંઘરી શકાય છે.

● કઠોળ વર્ગનો પાક છે તેથી છોડની મુળ ગંડીકાઓમાં રાઈઝોબીયમ બેકટેરીયાને લઈ હવાનો નાઈટ્રોજન ખેંચી તેને સ્થિર કરી પોતાનો વિકાસ કરે છે અને વધારાનો નાઈટ્રોજન જમીનમાં ઉમેરે છે તેથી જમીન ફળદ્રુપ બને છે.

● છોડ નાનો હોઈ અન્ય બીજા કેટલાયે પાકો સાથે મિશ્ર પાક કે આંતરપાક તરીકે વાવી શકાય છે અને બે પાકોથી વધુ ઉત્પાદન લઈ શકાય છે તેમજ, મુખ્યત્વે વરસાદ આધારીત ચોમાસુ પાક હોઈ ખેતીનું જોખમ ઘટાડી શકાય છે. તુવેર, કપાસ, એરંડા, તલ વગેરે સાથે વાવી શકાય છે.

● મગફળી ખોળ ઢોર અને મરઘા બતકા માટે શકિતવર્ધક અને રુચીવાળો પાચ્ય ખોરાક છે. ઉપરાંત સેન્દ્રીય ખાતર તરીકે પણ તેનો ઉપયોગ કરી શકાય છે



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

**જૈવિક નિયંત્રણ :**

● રાસાયણિક દવાઓના આડેઘડ ઉપયોગથી પર્યાવરણના વિવિધ ઘટકો પર થતી આડઅસરોથી લોકો જાગૃત થયા છે. તેથી જમીન, પાણી, સુક્ષ્મજીવો અને ખોરાક વગેરેને ઓછામાં ઓછું નુકશાન થાય તેવી જોખમ રહિત પધ્ધતિઓ તરફ વૈજ્ઞાનિકો અને લોકોનું ધ્યાન ખેંચાયું છે.

● ખેતરમાં ઉંડી ખેડ કરવી

● ઉનાળામાં જમીન તપાસવી, લીલો પડવાશ કરવો,

● પાકની ફેરબદલી કરવી,

● ચાસમાં સેન્દ્રીય ખાતર, સેડવેલ ખોળ નાંખવો. તે બધી બિનજોખમકારક પધ્ધતિઓ જમીનની ફળદ્રુપતા જાળવી રાખે છે. તેથી પાકની તંદુરસ્તી સારી રહે અને રોગ પ્રતિકારક શક્તિ વધે છે.

● આ બધી પધ્ધતિઓ જવિક નિયંત્રણનો એક ભાગ છે. પરંતુ તેમાં કઈ પ્રક્રિયાઓને લીધે પાકની રોગપ્રતિકારક શક્તિ વધે છે તેની જાણકારી ઓછી છે.

**જૈવિક નિયંત્રણ એટલે શું ?**

'જીવો જીવસ્ય ભોજનમ'નામની ઉક્તિ પ્રમાણે કુદરતી રીતે નિયંત્રણમાં રહેતી રોગકારકોની સંખ્યાને નજર સમક્ષ રાખી આવી પ્રક્રિયાને વ્યવસ્થિત સુચારૂ સ્વરૂપમાં ઉપયોગ કરીને વધારે પ્રમાણમાં તેનો ફાયદો લઈ રોગકારકોને બીજા સુક્ષ્મજીવો દ્વારા નિયંત્રણમાં લેવામાં આવે તેને જૈવિક નિયંત્રણ કહેવાય.

**જૈવિક નિયંત્રણ શા માટે ?**

(૧) ઓછુ ખર્ચાળ છે.

(૨) એક કરતા વધારે રોગ સામે અસરકારક છે.

(૩) જમીનની ફળદ્રુપતા વધારે છે.

(૪) જમીન બગડતી અટકે છે.

(૫) પ્રદુષણની માત્રા ઘટાડી શકાય છે.

(૬) રોગનું નિયંત્રણ લાંબા સમય સુધી કરી શકાય છે.

ગુજરાતની કૃષિ યુનિવર્સીટીઓ ધ્વારા જૈવિક રોગ નિયંત્રકોની ભલામણ

● **તુવેર** :- તુવેરના ૧૨ કિલો બીજને એક કિલોગ્રામ ટ્રાઈકોડર્મા હારજીયાનમ અથવા ટ્રાઈકોડર્મા વીરીડી જૈવિક ઘટકની માવજત આપી વાવવાથી સુકારાના રોગનુ નિયંત્રણ થાય છે.

● **શેરડી** : શેરડીના વાવેતર પહેલા જુની કામસ (પ્રેસમડ)મા ઉગાડેલ જૈવિક ઘટક ટ્રાઈકોડમા હારજીયમ આપવાથી સુકારો અને રાતડાનો રોગ અટકાવવામા ઉપયોગી છે.

● **મગફળી :૧:-** મગફળીના ઉગસુક (કોલર રોટ) અને થડના સડાના નિયંત્રણ માટે મગફળી વાવતા પહેલા ટ્રાઈકોડર્મા હારજીયાનમ ૧.૨ કિ.ગ્રા. ગળતીયા ખાતર અથવા એરંડીના ખોળમાં મિશ્રણ કરી જમીનમા ભેજ હોય ત્યારે આપવું તથા એક કિલોગ્રામ બીજને સ્યુડોમોનાસ ફલ્યુરોસન્સ ૫ ગ્રામ અને થાયરમ ૩ ગ્રામ પ્રમાણે માવજત આપી વાવવા. **૨:-** મગફળીના થડ અને ડોડવાના સડાના રોગના નિયંત્રણ માટે ભૂકી સ્વરૂપે મળતુ ટ્રાઈકોડર્મા હારજીયાનમ ૧.૫ કિ.ગ્રા. (૧૦૬ જીવંત કોષો /ગ્રામ) ૩૦૦ કિ.ગ્રા. એરંડીના ખોળ કે ખાતરમાં ભેળવી વાવણી પહેલા ચાસમાં આપવું.

● **એરંડા** : મુળખાઈ ( રૂટ રોટ)ના નિયંત્રણમાટે ૫૦૦ કિલો લીમડાના અથવા રાયડાના ખોળમા ૫ કિલો ટ્રાઈકોડર્મા હારજીયાનમ પાવડર ભેળવી વાવતી વખતે ચાસમા આપવુ.



બિયારણ ખરીદતી વખતે ધ્યાનમાં રાખવાના મુદાઓ :-

(૧) વાવેતર માટે કૃષિ યુનિવર્સીટી અને ખેતીવાડી ખાતાએ ભલામણ કરેલ સુધારેલ / સંકર જાતોનું જ બીજ ખરીદવું.

(૨) સુધારેલ/ સંકર જાતોનું બિયારણ હંમેશા ગુજરાત રાજ્યબીજ નિગમ કે ગુજરાત રાજ્ય બીજ નિગમના માન્ય ડીલર પાસેથી જ ખરીદવું.

(૩) બિયારણના પેકિંગ ઉપર બીજ પ્રમાણિત એજન્સીનું લેબલ તપાસીને પછી જ ખરીદી કરવી.

(૪) શક્ય હોય ત્યા સુધી ટુથ ફુલ બિયારણને બદલે સર્ટિફાઈટ બિયારણ જ ખરીદવું.

(૫) બિયારણના પેકિંગ પર ઉત્પાદન કોણ છે તે તપાસીને જ ખરીદવું.

(૬) બિયારણ ખરીદતી વખતે પેકિંગ પર બીજના સ્ફુરણના ટકા દર્શાવેલ હોય તેમજ તે કઈ સાલનું ઉત્પાદન છે તે પણ દર્શાવેલ હોય તે જોઈ ચકાસીને ખરીદવું.

(૭) સુધારેલ જાતોના બીજ ખેડૂત પોતે જ કાળજી રાખી તૈયાર કરી શકે છે. તેથી દર વખતે સુધારેલજાતોનું બિયારણ ખરીદવાની જરૂર રહેતી નથી.

(૮) સંકર જાતોના બિયારણો દર વર્ષે નવા જ ખરીદવાના હોય છે. તેથી જે તે ખેડૂતે તેમના ખેતર પર વાવવામાં આવેલ આવા સંકર પાકોના બીજનો ઉપયોગ બીજા વર્ષે કરવો નહિ.

(૯) બિયારણની થેલી ઉપર સીલ/ટેગ લગાવેલ છે કે નહિ તે ચકાસી લેવું જોઈએ.

**ખાતરની ખરીદી વખતે ધ્યાનમાં રાખવાના મુદાઓ :-**

(૧) જે તે પાકની પોષક તત્વોની જરૂરીયાત ધ્યાને રાખી ખાતરની ખરીદી કરવી.

(૨) મિશ્ર ખાતરોની પસંદગી વખતે ભરોસાપાત્ર કંપનીઓના ખાતર ખરીદવા.

(૩) ખારી – ભાસ્મિક જમીન માટે ભલામણ થયેલ ખાતરની પસંદગી કરવી.

(૪) પોષક તત્વની એકમ કિંમત જે ખાતરમાં ઓછી હોય તેવા ખાતરો પસંદ કરવા.

(૫) જો બે કે તેથી વધારે ખાતરો એક સાથે પહેલા ભેગા કરી, જમીનમાં આપવાના હોય તો તેના મિશ્રનો ચાર્ટ જોઈને ખાતરની પસંદગી કરવી.

(૬) ખાતરની થેલી પરની વિગત જેમ કે કંપનીનું નામ પોષક તત્વોના ટકા, ટેગીંગ અને તારીખ, વજન,કિંમત,લાયસન્સ નંબર વગેરે ચકાસીને પસંદ કરવું.

(૭) પૂર્તિ ખાતર પાકને આપવાનું હોય ત્યારે, સહેલાઈથી દ્રાવ્ય થતા ખાતરો જ પસંદ કરવા.

(૮) ખાતરની ભૌતિક સ્થિતિ પણ પસંદગીમાં ધ્યાને રાખવી જોઈએ.

(૯) જમીનના પ્રતના આધારે ખાતરની પસંદગી કરવી જોઈએ.

(૧૦) ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડમાં દર્શાવ્યા પ્રમાણે જે તે પાકની જરૂરીયાત મુજબના ખાતરો ખરીદવા જોઈએ.

**આંબા :**

ઘાનીષ્ઠ વાવેતર માટે આંબાની જાતમાં નીચે દર્શાવેલા ગુણો હોવા ઈચ્છનીય છે.

● ઝાડ કુદરતી રીતે ઠીંગણા રહેતા હોય.

● ડાળીઓનો વિકાસ એકસરખો થતો હોય.

● નિયમિત રીતે દર વહ્ર્સે એક ચોક્કસગાળામાં નવા પાન આવવાની ક્રિયા થતી હોય.

● નિયમિત છટણી સહન કરી શકે છે.

**ઘનિષ્ઠ વાવેતર માટે અનુકુળ આંબાની જાતો** :-કેસ,દશેરી,હાફૂસ, તોતાપુરી,મદ્રાસી,આફૂસ, બનેશાણ,માનકુરાડ,નીલમ.

**હાઈબ્રીડ જાતો** :-આમ્રપાલી,સોનાપરી,મંજીરા,રત્ના,પૂસા અરુનીમાં

**ઘનિષ્ઠ વાવેતર પધ્ધતિમાં કલમનો પ્રકાર** :ઘનિષ્ઠ વાવેતર પધ્ધતિ દરમ્યાન કેનોપી મેનેજમેન્ટ કરવાનું હોવાથી, ભેટ કલમની સરખામણીએ એપીકોટાઈલ (ચીપીયા કલમ) કે નુતન કલમ નો ઉપયોગ કરવો હિતાવહ છે.

**ઘાસચારો :**

● ઘાસચારાની મકાઈ માટે જાત ગંગા સફેદ-૨,૫ ફાર્મ સમેરી ગુ. મકાઈ-૧,૨,૩,૪ અને આફ્રીકન ટોલનું વાવેતર કરવું.

● ઘાસચારાની જુવાર માટે છાસટીપો, કે જીએફએસએચ-૧,૪,૫ પાયોનીય એક્સ-૯૮, એસ-૧૦૪૯નુંવાવેતર કરવું.

● ઘાંસચારા માટે ગંગા સફેદ -૨, ગંગા-૫, આફ્રિકન ટોલ, ગુજરાત મકાઈ -૧, ૨, ૩, ૪ વાવો.

● ઘાંસચારા માટે જાયન્ટ બાજરી, રજકા બાજરી, એલ-૭૨,૭૪, ગુ.ધા.બાજરી-૧ વાવો.

● મારવેલ (જીંજવો) માટેગુજરાત મારવેલ – ૧, મારવેલ – ૮, આઈજીએફઆરઆઈ-૪૯૫-૧ વાવો.

● ઘાસચારામાં જીંજવો ઘાસ, એન.બી-૨૧, સીઓ-૧, ૩, પૂસાજાયન્ટ, પીબીએન-૮૭ નેપીયાર ઘાસ વાવો.

● જુવાર સુકી ખેતીવાળાએ જી.એન.જે.-૧નું વાવેતર કરવું. વધુ વરસાદવાળા વિસ્તારમાં ગુ.જુવાર – ૪૨ તેમજજી.એફ.એસ.-૪, જી.એફ.એસ.-૫ અને સી.એસ.વી.૨૧ એફનું વાવેતર કરવું

# મગફળી નિકાસમાં અડચણરૂપ આફલાટોક્સિન : કારણો, અસર અને સંકલિત વ્યવસ્થાપન







આપણા રાજ્યનાં ખેડૂતો માટે મગફળીએ મુખ્ય તેલીબિયાં પાક છે. ભારતમાં મગફળીનો પાક ચોમાસું, ઉનાળું અને શિયાળું એમ ત્રણેય ઋતુઓમાં તેમજ જુદાજુદા આબોહવાકીય વિસ્તારોમાં લેવામાં આવે છે. આપણા દેશમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક,તેલંગાણા અને મહારાષ્ટ્ર જેવા રાજ્યો મગફળીના મુખ્ય ઉત્પાદક રાજ્યો છે. આપણો ભારત દેશ વૈશ્વિક સ્તરે પણમગફળીના વાવેતરમાં સૌથી મોટો વિસ્તાર ધરાવે છે અને ચીન પછી વિશ્વનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. ભારતીય મગફળી પોતાના અદભુત સ્વાદને કારણે દુનિયાભરમાં જાણીતી છે અને તેની વૈશ્વિક માંગ પણ ખૂબ વધારે છે. મગફળીનાં પાકમાં વાવેતરથી માંડી કાપણી સુધી ઘણાબધા રોગ અને જીવાતનો ઉપદ્રવ જોવા મળે છે. જેને ખેડૂતમિત્રો સરળતાથી ઓળખી અને તેનું સમયસર નિયંત્રણ કરતા હોય છે. પરંતુ મગફળીમાં જોવા મળતી આફલાટોક્સીનની સમસ્યા નરી આંખે જોઈ શકાતીન હોવાથીં ઘણાખરા ખેડૂત મિત્રોતેનાથી અજાણ હોય છે. તેમજ તેનાથી થતા નુકશાનથી પણ વાકેફ હોતા નથી.

આફ્લાટોકિસન એટલે શું?

આફ્લાટોક્સિન એક અત્યંત ઝેરી ફૂગ દ્વારા ઉત્પન્ન થતું ઝેર છે, જે ખાસ પ્રકારની ફૂગ જેમ કે ''એસ્પરજિલસ ફ્લેવસ''અને ''એસ્પરજિલસ પેરાસિટિકસ''દ્વારા ઉત્પન્ન થાય છે.આ ફૂગ સમગ્ર વિશ્વમાં વિવિધ કૃષિ પેદાશો તેમજ ખાદ્ય પદાર્થોને નુકશાનકરે છે. જે સાનુકુળ પરિસ્થિતિ મળતા ઝેરી તત્વો એટલે કે આફ્લાટોક્સિન ઉત્પન્નકરે છે.

ખાસ કરીને અનાજ, કઠોળ, મગફળી, મકાઈ, તલ તથા અન્ય તેલીબિયાં પાકોમાં ઊંચા ભેજ અને તાપમાનની પરિસ્થિતિમાં સંગ્રહ દરમિયાન આવી ફૂગનો વિકાસ થાય છે, જેનાથી આફલાટોક્સિનજેવા હાનિકારક ઝેરી તત્ત્વો ઉત્પન્ન થવાની સંભાવના વધે છે. વિકાસશીલ દેશોમાં, જ્યાં કૃષિપેદાશોના લાંબાગાળાના સંગ્રહ માટેની સુવિધાઓ ઘણી વખત અપૂરતી હોય છે, ત્યાં ઊંચું તાપમાન અને વધુ ભેજ ફૂગના વિકાસ માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જે છે, જેના કારણે આફલાટોક્સિનનું સંક્રમણ અને તેની માત્રામાં વધારો થવાની સંભાવના વધુ રહે છે.

મગફળીમાં આફ્લાટોક્સિન ઉત્પન્ન કરતી ફૂગ મગફળીમાં અત્યાર સુધીમાં આફલાટોક્સિનના ૧૪ જેટલા પ્રકારો નોંધાયેલા છે, જેમાં આફલાટોક્સિન બી૧, બી૨, જી૧ અને જી૨ મુખ્ય અને વધુ ઝેરી પ્રકારો ગણાય છે. આ પૈકી આફલાટોક્સિન બી૧ સૌથી વધુ ઝેરી અને માનવ તથા પશુ આરોગ્ય માટે સૌથી વધુ નુકસાનકારક માનવામાં આવે છે. તેથી મગફળી અને તેની પેદાશોમાં આફલાટોક્સિન બી૧ ની માત્રા નિયંત્રિત રાખવી ગુણવત્તા, ખાદ્ય સુરક્ષા અને નિકાસની દૃષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ છે. લાંબા સમય સુધી આફલાટોક્સિન યુક્ત ખોરાકના સેવનથી મનુષ્યમાં યકૃત (લીવર)નું નુકસાન, યકૃત કેન્સર, રોગ પ્રતિકારક શક્તિમાં ઘટાડો, કુપોષણ તેમજ બાળકોમાં શારીરિક અને માનસિક વિકાસ અવરોધિત થવા જેવી ગંભીર આરોગ્ય સમસ્યાઓ ઊભી થઈ શકે છે. પશુઓમાં પણ આફલાટોક્સિન દૂષિત ખોરાકના સેવનથી વૃધ્ધિ, ઉત્પાદન ક્ષમતા અને સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર થાય છે.

ડો. ચિરાગકુમાર. એમ. ભાલીયા અને ઉર્જાભીમાણી
વરિષ્ઠ વૈજ્ઞાનિક (વનસ્પતિ રોગશાસ્ત્ર)
૪૧૧, ત્રીજો માળ, પાકસંરક્ષણ વિભાગ, આઈ.સી.એ.આર.- ભારતીય મગફળી સંશોધન સંસ્થા, ઇવનગર રોડ
જુનાગઢ-૩૬૨ ૦૧૫
મો: ૯૧૦૬૭ ૭૩૮૦૬

આફલાટોક્સિન પાકની ઉત્પાદકતાને સીધી અસર કરતું નથી, પરંતુ તે કૃષિ પેદાશોને દૂષિત કરીને તેમની ગુણવત્તામાં ઘટાડો કરે છે. જેમા નવ અને પશુઆરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરે છે. પરિણામે, આફ લાટોક્સિનયુક્ત ખાદ્યપદાર્થોની બજાર કિંમત ઘટે છે અને તેમની સ્વીકૃતિ તેમજ માંગમાં ઘટાડો થાય છે. મગફળી અને તેની પેદાશોની નિકાસમાં પણ આફ લાટોક્સિનની હાજરી એક મુખ્ય અવરોધરૂપ પરિબળ છે.

નિકાસ લક્ષી મગફળીના ઉત્પાદન માટે આફલાટોક્સિનમુક્ત ઉપજ મેળવવી અત્યંત જરૂરી છે, પરંતુ સંપૂર્ણપણે આફલાટોક્સિન મુક્ત ઉત્પાદન હંમેશા શક્ય બનતું નથી. તેથી, વિશ્વ વેપાર ધોરણો અને વિવિધ આયાતકાર દેશોએ મગફળી તથા અન્ય ખાદ્ય પેદાશોમાં આફલા ટોક્સિનની સ્વીકાર્ય મહત્તમ મર્યાદા (Maximum Permissible Limit) નક્કી કરી છે. આ મર્યાદાનું પાલન કરવાથી જ મગફળી અને તેની પેદાશોની નિકાસ સફળતાપૂર્વક શક્ય બને છે. જુદા જુદા દેશોની આફ લાટોક્સિનની સ્વીકાર્ય મહત્તમ મર્યાદા (Maximum Permissible Limit) નીચે મુજબ છે. (ક્રમશઃ)

| દેશ/યુનિયન | સ્વીકાર્યમર્યાદા (Permissible Limit) (પીપીબી) | |
|---|---|---|
| | ફુલ આફલાટોક્સિન | આફલાટોક્સિન બી૧ |
| યુરોપીયન યુનિયન | ૪ | ૨ |
| ઈન્ડોનેશીયા | ૨૦ | ૧૫ |
| ઇઝરાયેલ | ૧૫ | ૫ |
| ભારત અને જાપાન | ૧૦ | ૧૦ |
| દક્ષિણ કોરિયા | ૧૫ | ૧૦ |
| સિંગાપોર | ૫ | ૫ |
| દક્ષિણ આફ્રિકા | ૧૦ | ૫ |
| સ્વિઝરલેન્ડ અને વિયેતનામ | ૧૫ | ૮ |
| અમેરિકા | ૨૦ | ૧૫ |
| મિડલ ઈસ્ટ અને જીસીસી | ૨૦ | ૧૫ |
| ચીન | - | ૨૦ |
| થાયલેન્ડ | ૨૦ | ૨૦ |

# અમરેલીના પ્રભારી મંત્રી જીતુ વાઘાણીએ પણ રાજભા ગઢવી મામલે મીડિયાના સવાલો પર મૌન સેવ્યું

અમરેલી,તા.૧૪

ધારી ગીર પૂર્વ વિસ્તારમાં લોકકલાકાર રાજભા ગઢવીને માલધારીનો દરજ્જો આપવાના મામલે વિવાદ વધુ ઘેરો બન્યો છે. કેન્દ્ર સરકારના ૧૨ વર્ષના શાસનની સિધ્ધિઓ અંગે અમરેલી ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં જ્યારે મીડિયાએ પ્રભારી મંત્રી જીતુ વાઘાણીને આ અંગે સવાલો કર્યા, ત્યારે તેમણે જવાબ આપવાનું ટાળ્યું હતું.



તેમણે જણાવ્યું કે, આજની પત્રકાર પરિષદ માત્ર ૧૨ વર્ષના વિકાસ અને જનકલ્યાણના વિષય પૂરતી જ મર્યાદિત છે.

આ અગાઉ વનમંત્રી અર્જુન મોઢવાડિયા પણ રાજભા ગઢવીનું નામ સાંભળતા જ માઈક હટાવીને ચાલ્યા ગયા હતા. ગીરમાં રાજભા ગઢવીને માલધારી તરીકે મંજૂરી મળ્યા બાદ સ્થાનિક માલધારી સમાજમાં ભારે અસંતોષ છે. અન્ય માલધારીઓની માંગ છે કે જો રાજભા ગઢવીને મંજૂરી મળી શકતી હોય, તો લાંબા સમયથી વંચિત રહેલા અન્ય માલધારીઓને પણ તુરંત મંજૂરી આપવામાં આવે. બે વરિષ્ઠ મંત્રીઓના મૌનથી આ મુદ્દે રાજકીય ચર્ચાઓ તેજ થઈ છે.

# કાકોલી જૂથના બળવાખોર સાંસદોની સંખ્યા ૨૨ થઈ, સ્પીકર પાસે અલગ જૂથની માંગ કરશે

કોલકાતા,તા.૧૪

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના બળવાખોર સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે દાવો કર્યો છે કે લોકસભામાં તેમના નેતૃત્વ હેઠળના સાંસદોની સંખ્યા વધીને ૨૨ થઈ ગઈ છે. બળવાખોર સાંસદો સોમવારે લોકસભા સ્પીકર ઓમ બિરલાને મળીને એક અલગ સંસદીય જૂથ તરીકે માન્યતા મેળવવાની ઔપચારિક માંગ કરશે.



નવી દિલ્હી જતા પહેલા કોલકાતા એરપોર્ટ પર પત્રકારો સાથે વાત કરતા કાકોલી ઘોષે જણાવ્યું કે, પશ્ચિમ બંગાળની વર્તમાન રાજકીય પરિસ્થિતિથી અસંમત એવા ઘણા સાંસદો તેમના સંપર્કમાં છે. આ બળવાખોર જૂથે કેન્દ્રની ભાજપની આગેવાની હેઠળની એનડીએ (NDA) સરકારને ટેકો આપવાનો ઈરાદો પણ દર્શાવ્યો છે. શુક્રવારે ૧૯ ટીએમસી સાંસદોની સહીવાળો એક દસ્તાવેજ સામે આવ્યો હતો, જેમાં શતાબ્દી રોય, પ્રસૂન બેનર્જી અને યુસુફ પઠાણ જેવા અગ્રણી સાંસદો સામેલ છે. ટીએમસીમાં ઉભો થયેલો આ આંતરિક અસંતોષ પક્ષના નેતૃત્વ માટે મોટો પડકાર બની ગયો છે.

# ધોરાજીમાં નગરપાલિકાની બેદરકારીથી ગાયનું મોત થતા સ્થાનિકોમાં ભારે રોષ

ધોરાજી,તા.૧૪

ધોરાજી નગરપાલિકાની બેદરકારીને કારણે એક દુઃખદ ઘટના બની છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પીવાના પાણીના વિતરણ માટે મુકાયેલી વાલ્વ કુંડી લાંબા સમયથી ખુલ્લી હતી. આ દરમિયાન એક ગાય અચાનક કુંડીમાં પડી ગઈ હતી. ગાય કુંડીમાં ફસાઈ જતાં તેને બહાર કાઢવામાં ભારે મુશ્કેલી પડી હતી. સ્થાનિક રહેવાસીઓએ દોઢથી બે કલાક



સુધી જહેમત ઉઠાવી ગાયનું રેસ્ક્યુ કર્યું હતું. જોકે, કુંડીમાં રહેલા વાલ્વનો ભાગ ગાયના પેટમાં ઘૂસી જતાં તે ઈજાગ્રસ્ત થઈ હતી. બાદમાં ગાયનું મોત નીપજયું હતુ.

# યુધ્ધના કારણે યુક્રેનને આર્થિક ફટકો: ૧૯ લાખ કરોડનું દેવું ચૂકવવામાં ૩૫ વર્ષ લાગશે

કીવ,તા.૧૪

રશિયા સાથે ચાલી રહેલા ભીષણ યુધ્ધ વચ્ચે યુક્રેનની આર્થિક સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. રશિયન સમાચાર એજન્સી 'ટીએએસએસ' (ASS) ના અહેવાલ મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુધ્ધ શરૂ થયા બાદ યુક્રેનનું કુલ દેવું ૧૧૦ બિલિયન ડૉલર (આશરે ૧૦.૪૬ લાખ કરોડ રૂપિયા)



વધીને ૨૦૮.૯૭ બિલિયન ડૉલર (આશરે ૧૯ લાખ કરોડ રૂપિયા) પર પહોંચી ગયું છે, જે અગાઉ કરતાં બમણાથી પણ વધુ છે. સંરક્ષણ ખર્ચ અને વિદેશી લોન પર વધતી નિર્ભરતાને લીધે વિદેશી દેવું ત્રણ ગણું વધીને ૧૬૨.૭૩ બિલિયન ડૉલર થયું છે. અંદાજ મુજબ, દેશના દરેક નાગરિક પર હવે આશરે ૭,૫૦૦ ડૉલરનું દેવું છે. યુક્રેનની સંસદના સભ્યો માને છે કે આ વર્તમાન દેવું ચૂકવવામાં દેશને ૩૫ વર્ષ જેટલો લાંબો સમય લાગી શકે છે, જે ભવિષ્ય માટે મોટો આર્થિક માથાનો દુખાવો બનશે.

# ઝારખંડમાં આકાશી વીજળીનો કહેર: ૨૪ કલાકમાં સાત લોકોના મોત

રાંચી,તા.૧૪

ઝારખંડમાં કુદરતી આફતે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના વિવિધ ભાગોમાં વીજળી પડવાની અલગ-અલગ ઘટનાઓમાં ત્રણ મહિલાઓ અને એક ૧૦ વર્ષના બાળક સહિત ઓછામાં ઓછા સાત લોકોના મોત નિપજ્યા છે. સ્થાનિક પોલીસે રવિવારે આ દુઃખદ ઘટનાની સત્તાવાર માહિતી આપી હતી. પોલીસ વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, આકાશી વીજળી પડવાને કારણે સૌથી વધુ જાનહાનિ રાંચી અને ગઢવા જિલ્લામાં થઈ છે, જ્યાં બંને જિલ્લામાંથી બબ્બે લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સિવાય અન્ય જીવલેણ ઘટનાઓ ચતરા, ગિરિડીહ અને સરાઈકેલા-ખરસાવન જિલ્લામાં બની હતી. હાલમાં રાજ્યના અનેક ભાગોમાં સતત વરસાદ અને ખરાબ હવામાનની સ્થિતિ પ્રવર્તી રહી છે.

# મહિલા ૨૦ વર્લ્ડ કપ: ભારતે પાકિસ્તાનને ૬૪ રનથી હરાવ્યું, દીપ્તિ શર્માની ૫ વિકેટ

બર્મિંગહામ,તા.૧૪

વુમન્સ્ ૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરતા કટ્ટર હરીફ પાકિસ્તાનને ૬૪ રનથી હાર આપી છે. બર્મિંગહામના એજબેસ્ટન મેદાન પર રમાયેલી આ મેચમાં ભારતે ટૉસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરી હતી. ભારતીય ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૭૦ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. ટીમ વતી ઓપનર સ્મૃતિ મંધાનાએ શાનદાર ફિફ્ટી ફટકારતા ૪૪ બોલમાં ૬૮ રન (૯ ચોગ્ગા, ૨ સિક્સર) બનાવ્યા હતા. આ સિવાય કેપ્ટન હરમનપ્રીત કૌરે




૩૬ રન અને રિચા ઘોષે ૧૭ બોલમાં તોફાની ૩૪ રનનું યોગદાન આપ્યું હતું. પાકિસ્તાન તરફથી સાદિયા ઈકબાલ અને ફાતિમા સનાએ ૨-૨ વિકેટ ઝડપી હતી.૧૭૧ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી પાકિસ્તાનની ટીમ ભારતીય બોલરો સામે ટકી શકી નહોતી અને ૧૭ ઓવરમાં માત્ર ૧૦૬ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી. પાકિસ્તાન તરફથી મુનીબા અલીએ સૌથી વધુ ૪૧ રન બનાવ્યા હતા. ભારત વતી સ્ટાર સ્પિનર દીપ્તિ શર્માએ ઘાતક બોલિંગનું પ્રદર્શન કરતા માત્ર ૧૦ રન આપીને ૫ વિકેટ ઝડપી હતી અને ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# ઝારખંડના રામગઢમાં કોલસાની ગેરકાયદેસર ખાણમાં ઝેરી ગેસથી ૪ કામદારોના મોત

રાંચી,તા.૧૪

ઝારખંડના રામગઢ સ્થિત અરગડાના જંગલ વિસ્તારમાં એક ગેરકાયદેસર કોલસાની ખાણમાં ઝેરી ગેસ અને ઓક્સિજનની અછતને કારણે ચાર કામદારોના કરુણ મોત નિપજ્યા છે. પ્રાથમિક અહેવાલ મુજબ, શરૂઆતમાં બે કામદારો કોલસો કાઢવા અંદર ગયા હતા. તેઓ બહાર ન આવતા, અન્ય



બે સાથીદારો તેમની શોધમાં આશરે ૪૦ ફૂટ ઊંડી ખાણમાં ઉતર્યા હતા, પરંતુ શ્વાસ રુંધાવાને કારણે ચારેય જણા અંદર જ ફસાઈ ગયા હતા.

સ્થાનિક વહીવટીતંત્રે ભારે જહેમત બાદ ચારેયના મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા છે. મૃતકોની ઓળખ દેવ કુમાર, ડબલ્યુ. બેડિયા, કિશોર રવાણી અને આશિષ રાજવાર તરીકે થઈ છે. આ દુર્ઘટના બાદ ભાજપે રાજ્યની હેમંત સોરેન સરકાર પર માફિયાઓને રોકવામાં નિષ્ફળ રહેવાનો અને બેદરકારીનો ગંભીર આરોપ લગાવ્યો છે.

# ઉનામાં કોંગ્રેસે મોંઘવારી અને પેપર લીક મુદ્દે સરકાર સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો

ઉના,તા.૧૪

ઉના શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ-ડીઝલ, એલપીજી સિલિન્ડર અને રાસાયણિક ખાતરના સતત વધતા ભાવોના વિરોધમાં રાજ્યપાલને સંબોધીને પ્રાંત અધિકારીને એક આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું છે કે મોંઘવારીના કારણે સામાન્ય પરિવારો અને ખેડૂતો પર આર્થિક બોજ વધ્યો છે, જેથી સરકારે




આ ભાવો તાત્કાલિક ઘટાડવા જોઈએ. આ ઉપરાંત દેશભરમાં ચર્ચાસ્પદ બનેલા NEET પરીક્ષાના પેપર લીક મામલે આક્રોશ વ્યક્ત કરી વિદ્યાર્થીઓને ન્યાય આપવાની અને કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરવામાં આવી હતી.

# ઉનાના દેલવાડામાં વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ઉના,તા.૧૪

ઉના તાલુકાના દેલવાડા ગામે કુબાવત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગરીબો અને જરૂરિયાતમંદો માટે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૬૦ દર્દીઓની આંખોની સચોટ તપાસ કરવામાં આવી હતી, જેમાંથી મોતીયાબિંદની ગંભીર અસર ધરાવતા ૧૯ દર્દીઓને ઓપરેશન માટે પસંદ કરાયા છે. આ તમામ દર્દીઓને રાજકોટની



પ્રખ્યાત રણછોડદાસજી હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે ઓપરેશન માટે લઈ જવામાં આવશે. દર્દીઓની સુવિધા માટે વાહન વ્યવસ્થા સહિતનો તમામ ખર્ચ ટ્રસ્ટ જાતે ભોગવશે.

# ઉના સરકારી હોસ્પિટલમાં દર્દીઓને નાળીયેર પાણી, બિસ્કીટનું વિતરણ

ઉના,તા.૧૪

૧૧ જૂન ૨૦૨૬ના રોજ જાયન્ટ્સ ગ્રુપ ઓફ ઉના સાહેલી દ્વારા ઉનાની સરકારી હોસ્પિટલમાં એક પ્રશંસનીય સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. કાળઝાળ ગરમીમાં હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને સુવાવડ માટે આવેલી બહેનોને રાહત આપવાના ઉદ્દેશ્યથી ગ્રુપના સભ્યો દ્વારા નારિયેળ પાણી અને બિસ્કીટનું



વિતરણ કરવામાં આવ્યું હતું. આ માનવતાવાદી કાર્યમાં સંસ્થાના પ્રેસિડેન્ટ આશાબેન ઝા, વાઈસ પ્રેસિડેન્ટ સુનિતાબેન ઝાલા, મેઘનાબેન પરમાર, વિજયાબેન અને ધારાબેન સહિતના સભ્યોએ ઉત્સાહભેર જોડાઈને પોતાની સેવાઓ આપી હતી.

# રાજકોટમાં શ્રી દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળ દ્વારા ૩૪મો ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો

રાજકોટ,તા.૧૪

રાજકોટમાં શ્રી દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળ દ્વારા ૩૪મા ફુલસ્કેપ ચોપડા (નોટબુક) વિતરણ કાર્યક્રમનું આયોજન ૧૪ જૂન, ૨૦૨૬ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય પ્રવૃત્તિમાં ગોસ્વામી સમાજના લાભાર્થી વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ અને મોટી સંખ્યામાં વાલીઓ





ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન સમાજના શ્રેષ્ઠીઓ, અગ્રગણ્ય દાતાઓ અને વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો તેમજ સ્થાનિક ભાજપ કોર્પોરેટર મેઘાણી તથા કૌશિકભાઈ ટાંક ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.આ આયોજનને સફળ બનાવવા માટે શ્રી દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળની ટીમની સાથે શ્રી દશનામ ગોસ્વામી યુવક મંડળ (શ્રી શિવરથયાત્રા સમિતિ)ના સર્વે યુવાનો અને કાર્યકરોએ ઉત્કૃષ્ટ વ્યવસ્થા જાળવી ભારે જહેમત ઉઠાવી હતી. પી. ડી. ગોસ્વામી સહિત મંડળના સભ્યોના સામૂહિક પ્રયાસોથી આ કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હોવાનું મહેશગીરી ગોસ્વામી (ચલથાણ-સુરત)ની યાદીમાં જણાવાયું છે.

# ઉના પોલીસે ૪ બાઈક ચોરીનો ભેદ ઉકેલ્યો: ચોર ટોળકીના ૩ સભ્યો ઝડપાયા

ઉના,તા.૧૪

ઉના પોલીસે મિલકત સંબંધિત ગુનાઓ ઉકેલવાની ઝુંબેશ હેઠળ બાઈક ચોરીના ચાર ગુનાનો ભેદ ઉકેલી ચોર ટોળકીના ત્રણ સભ્યોને ઝડપી પાડ્યા છે. આ ટોળકી ચોરી કરેલા બાઈકના પાર્ટ્સ અલગ કરીને ભંગારમાં વેચી દેતી હતી. પોલીસ તપાસમાં એક સગીર સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે,



તસવીર : કૈલાસ ભટ્ટ

જ્યારે અન્ય એક આરોપી કિરીટભાઈ બાલુભાઈ સોલંકી (રહે. નાઠેજ)ની શોધખોળ ચાલુ છે.નાયબ પોલીસ અધિક્ષક એમ. એફ. ચૌધરીના સુપરવિઝન હેઠળ અને પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે. મોરીના માર્ગદર્શનમાં સર્વેલન્સ ટીમે નેત્રમ શાખાના સીસીટીવી ફૂટેજ તેમજ હ્યુમન સોર્સની મદદથી આ સફળતા મેળવી છે. પેટ્રોલિંગ દરમિયાન સીમર ગામના બાબા આશ્રમ પાસેથી ભરત કાળુ ચૌહાણ અને શકીલ હનીફ સરવૈયાને બાઈક સાથે ઝડપી પાડી પૂછપરછ કરાતાં ચોરીના ગુનાઓનો પર્દાફાશ થયો હતો.પોલીસે આરોપીઓ પાસેથી અલગ-અલગ વિસ્તારોમાંથી ચોરાયેલા ૪ બાઈક અને તેના પાર્ટ્સ કબજે કર્યા છે.

# રાજકોટમાં બાળ સંરક્ષણ ગૃહમાંથી એકસાથે ૧૨ બાળકો ગુમ થતાં ચકચાર

રાજકોટ,તા.૧૪

રાજકોટ શહેરના બાળ સંરક્ષણ ગૃહમાંથી એકસાથે ૧૨ બાળકો કોઈને પણ જાણ કર્યા વિના મુખ્ય ગેટેથી લાપતા થઈ જતાં વહીવટી તંત્ર અને પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ છે. અત્યંત સંવેદનશીલ ગણાતી આ જગ્યાની સુરક્ષા વ્યવસ્થા વચ્ચેથી આટલી મોટી સંખ્યામાં બાળકો ગાયબ થઈ જતાં સુરક્ષા તંત્ર સામે ગંભીર સવાલો ઊભા થયા છે.





જોકે, ગુમ થયેલા બાળકોમાંથી એક બાળક સદનસીબે પરત ફરી આવ્યો છે. આ પરત આવેલા બાળકની પૂછપરછ કરતાં ચોંકાવનારી માહિતી સામે આવી છે કે ત્યાં રહેતા એક છોકરાના કહેવાથી જ બધા રાત્રિના સમયે બહાર નીકળી ગયા હતા. આ નિવેદનના આધારે પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે બાળકોને બહાર લઈ જનાર છોકરાનો આશય શું હતો અને આ ઘટના પાછળ કોઈ અન્ય વ્યક્તિનો હાથ છે કે કેમ. હાલમાં હજુ પણ ૧૧ બાળકો લાપતા હોવાથી રાજકોટ પોલીસે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવીને શહેરના બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન તેમજ આસપાસના સીસીટીવી ફૂટેજ ખંખોળીને તેમની સઘન શોધખોળ શરૂ કરી દીધી છે.

# અમદાવાદમાં 'આદિત્ય પટેલ' બની વિધવાઓને ફસાવતો કરીમ ઝડપાયો

અમદાવાદ,તા.૧૪

મેટ્રિમોનિયલ સાઈટ પરથી પ્રોફાઈલ મેળવી લગ્ન કરવા ઈચ્છતા લોકો માટે આંખ ઉઘાડનારો કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદની એક વિધવા મહિલાનો મેટ્રિમોનિયલ સાઈટ પર 'આદિત્ય પટેલ' નામના યુવક સાથે સંપર્ક થયો હતો. આદિત્યએ પોતે વિધૂર અને પ્લાસ્ટિકનો વેપારી હોવાની ખોટી ઓળખ આપી હતી. બંને ચાર-પાંચ



મહિના સંપર્કમાં રહ્યા હતા, પરંતુ એક દિવસ ફોન પર 'ટ્રુ કોલર'માં કરીમ નામ આવતા મહિલા ચોંકી ઉઠી હતી. મહિલાએ તપાસ કરતા જાણવા મળ્યું કે તે વ્યક્તિ કડીનો રહેવાસી પરિણીત કરીમ સિપાઈ હતો. મહિલાએ હિંમત દાખવી બજરંગદળનો સંપર્ક કર્યો અને આખરે કરીમનો ભાંડો ફોડ્યો હતો. કરીમના ફોનમાંથી અનેક મહિલાઓ સાથેની ચેટ અને ૮૦૦૦થી વધુ આપત્તિજનક ફોટો-વીડિયો મળી આવ્યા હોવાનો દાવો કરાયો છે. તેના કબજામાંથી આદિત્ય પટેલ નામના બોગસ પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, પાસપોર્ટ અને અન્ય ઓળખપત્રો મળી આવ્યા છે. આ મામલે પશ્ચિમ મહિલા ક્રાઈમ બ્રાન્ચમાં ગુનો નોંધાવવામાં આવ્યો છે.

# રાજકોટમાં પારિવારિક વિવાદમાં બનેવીએ સાળાને મોતને ઘાટ ઉતાર્યો

રાજકોટ,તા.૧૪

રાજકોટના વિમલનગર વિસ્તારમાં ગત મોડી રાત્રે કૌટુંબિક વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં એક દિલધડક હત્યાની ઘટના સામે આવી છે. મૂળ વેરાવળના રહેવાસી આરોપી વિવેક ગોસ્વામીએ પત્ની સાથે ચાલતા મતભેદોના કારણે પત્નીના નાના ભાઈ પ્રવિણ શાહ પર છરી વડે જીવલેણ હુમલો કરી તેનું ઘટનાસ્થળે જ મોત નીપજાવ્યું હતું. આ હુમલા દરમિયાન બચાવ કરવા વચ્ચે પડેલા સસરાને પણ ગળાના ભાગે છરી વાગતાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

અગાઉ આ બાબતે યુનિવર્સિટી પોલીસ મથકે અરજી પણ કરવામાં આવી હતી. હાલ પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી લેવા શોધખોળ શરૂ કરી છે.

# ઓપરેશન મ્યુલ હન્ટ: સાયબર ગુનાથી બચવા માટે ખાસ ચેતવણી

અમદાવાદ,તા.૧૪

આજના ડિજિટલ યુગમાં સાયબર ગુનેગારો લોકોની આર્થિક મજબૂરી કે અજ્ઞાનતાનો લાભ લઈને નવી યુક્તિઓ અજમાવી રહ્યા છે. હાલમાં જ ગુજરાત પોલીસ દ્વારા 'ઓપરેશન મ્યુલ હન્ટ' હેઠળ હાથ ધરાયેલી મોટી કાર્યવાહીમાં ૨૨૮૯ કરોડથી વધુના આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સાયબર કન્સલ્ટન્ટ



ચંદ્રવદન ધ્રુવના જણાવ્યા અનુસાર ઠગ લોકો ગરીબ અને જરૂરિયાતમંદ વ્યક્તિઓને પૈસાની લાલચ આપીને તેમના બેંક ખાતા ભાડે લે છે જેને સાયબરની ભાષામાં મ્યુલ એકાઉન્ટ કહેવાય છે. જ્યારે આવા ખાતામાં છેતરપિંડીના પૈસા ટ્રાન્સફર થાય છે ત્યારે કાયદાકીય તપાસમાં સીધો ખાતાધારક જ ગુનેગાર સાબિત થાય છે અને તેની ધરપકડ થાય છે. આ ગંભીર ગુનાથી બચવા માટે ક્યારેય પણ કોઈ અજાણી વ્યક્તિને લાલચમાં આવીને પોતાનું બેંક ખાતું પાસબુક ચેકબુક કે ડેબિટ કાર્ડ વાપરવા આપવું જોઈએ નહીં. આ ઉપરાંત કંપની ખોલવાના નામે પોતાના આધાર કાર્ડ કે પાન કાર્ડ જેવા મહત્વના દસ્તાવેજો આપવાથી દૂર રહેવું જોઈએ અને ખાતામાં શંકાસ્પદ વ્યવહાર જણાય તો તરત જ ૧૯૩૦ પર સંપર્ક કરવો જરૂરી છે.

# રાજ્યમાં અલનીનોની અસર વચ્ચે આજે વિવિધ જિલ્લાઓમાં સામાન્ય વરસાદની આગાહી

અમદાવાદ,તા.૧૪

ગુજરાતમાં ચોમાસા પર અલનીનોની અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ રાજ્યમાં ચોમાસું સામાન્યથી મધ્યમ રહેવાની શક્યતા છે.

આગામી દિવસોમાં વિવિધ જિલ્લાઓમાં વરસાદી માહોલ જળવાઈ રહેશે. સાબરકાંઠા, દાહોદ, મહિસાગર, નર્મદા અને સુરત જિલ્લામાં વરસાદી ઝાપટાં પડી શકે છે. જ્યારે છોટાઉદેપુર, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, અમરેલી, દાદરા અને નગર હવેલી તેમજ કચ્છના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. વરસાદી પ્રવૃત્તિ વધતાં લોકોને ગરમીમાંથી રાહત મળશે, પરંતુ હવામાન વિભાગે લોકોને સાવચેતી રાખવાની સલાહ આપી છે.

# સુરતમાં નશામાં ધૂત પોલીસકર્મીએ BRTS બસને ટક્કર મારી

સુરત,તા.૧૪

સુરતના અઠવાગેટ વિસ્તારમાં મોડી રાત્રે દારૂના નશામાં ધૂત એક એએસઆઈએ પોતાની સ્વિફ્ટ કાર આગળ જતી BRTS બસ પાછળ ધડાકાભેર અથડાવી હતી.



અકસ્માતમાં કારના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

નશામાં ચૂર પોલીસકર્મી અકસ્માત બાદ જાહેર રસ્તા પર લવારા કરવા લાગ્યો હતો. કારમાંથી પોલીસ વરદી અને દારૂની બોટલ મળી આવી હોવાનું સામે આવ્યું છે.

# ગોંડલમાં ઓઈલ મિલના મશીનમાં ફસાતાં મહિલા શ્રમિકનું કરુણ મોત

ગોંડલ,તા.૧૪

રાજકોટના ગોંડલ-ગુંદાળા રોડ પર આવેલી અવની ઓઈલ મિલમાં એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો.

મિલમાં ફરજ બજાવી રહેલા ૫૫ વર્ષીય મહિલા શ્રમિક શારદાબેન લક્ષ્મણભાઈ ખાંટનું ચાલુ મશીનમાં કપડું આવી જતાં અને અંદર ખેંચાઈ જતાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૂળ પંચમહાલના ગોલણપુર ગામના શારદાબેન પોતાના પરિવાર સાથે રોજગારી માટે આવ્યા હતા અને મિલમાં તેમની નોકરીનો આ બીજો જ દિવસ હતો.

વહેલી સવારે મશીનમાં ખોળ અટવાઈ જતાં શારદાબેન તેને સાફ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ દરમિયાન તેમનું વસ્ત્ર મશીનના ફરતા ભાગમાં વીંટળાઈ જતાં તેઓ ક્ષણભરમાં જ અંદર ખેંચાઈ ગયા હતા.

મશીનના સ્પેરપાટ્ર્સ ખોલી ભારે જહેમત બાદ તેમનો મૃતદેહ બહાર કઢાયો હતો.



આ સમગ્ર ઘટના મિલના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. ગોંડલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે અને આ મામલે કાયદેસરની તપાસ શરૂ કરી છે.











